અવસર રૂડો આવી ગયો છે, આનંદનો નહિ પાર; દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા, વ્હાલા દીકરા કરનાર.




વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૦૯










(૧-૩) મહેસાણા તથા વિજાપુર ખાતે વ્હાલા ગુરુજીનું સત્સંગ વિચરણ (૪) જન્મદિન નિમિત્તે પૂ. સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી રહેલા માનનીય સંસદ સભ્ય શ્રી જશવંતસિંહ ભાભોર (૫-૬) ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન : ૨૦૨૪ (૭-૮) કિશોર-યુવક સંચાલક તાલીમ શિબિર




# ઘનશ્યામ

૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૦૯

# GHANSHYAM

10 September, 2024 • Year : 49 • Edition : 09


**અનુક્રમણિકા...**


| | |
|---|---|
| 04 | દિવ્યવાણી |
| 07 | વચનામૃત સાર લોયા : ૪ (ભાગ - ૧) |
| 10 | ગુરુજીના સંગે જીવન પરિવર્તન |
| 12 | અહો, આપનું માતૃવાત્સલ્ય |
| 14 | SMVSના શુરવીર યોદ્ધા |
| 18 | દિવ્ય સાંનિધ્ય શિબિર |


સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org
Email : magazine@in.smvs.org




કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮



**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો : ૯૪૦૮૩૨૦૦૩૬**

**'GTPL-ભક્તિ' ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**



# દિવ્યવાણી

## ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત

ભૌતિક સત્તા-સંપત્તિ, સાધનોથી મળતી મોટપ અલૌકિક મોટપ આગળ તુચ્છ છે. સ્વ-સ્વરૂપનો પ્રકાશ અને ઈષ્ટદેવની ઉપાસના આ વડે જે મોટપ પમાય એ ખરી મોટપ છે. જે આવી પરભાવી મોટપ પામે તેની અલમસ્તાઈ કંઈક નોખી હોય છે. કારણ સત્સંગી તરીકે આવી અલમસ્તાઈમાં રાચી અનુભવજ્ઞાન પામવું એ આપણું લક્ષ્ય છે ત્યારે નિરંતર આવી પરભાવી અલમસ્તાઈમાં રાચનારા દિવ્ય સત્પુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૩૧-૭-૨૦૨૪ની સંકલ્પ સભામાં તે વિશે વિશેષ લાભ આપ્યો હતો તેને વાગોળીએ અને પરભાવી મોટપના આગ્રહી બનીએ.

**ગઢડા પ્રથમનું ૮મું વચનામૃત :** “અમને એવું વર્તે છે જે હું આત્મા છું, અછેદ્ય છું, અભેદ્ય છું, સચ્ચિદાનંદ છું. અને મારી મોટપ છે તે તો સ્વ-સ્વરૂપનો પ્રકાશ અને ઈષ્ટદેવની ઉપાસના તે વડે છે. પણ ભારે ભારે વસ્ત્ર તથા અમૂલ્ય આભૂષણ તથા રથ, પાલખી, હાથી, ઘોડા તેની જે અસવારી તે વડે કરીને મોટપ નથી અને જગત બધીના માણસ ને જગત બધીના રાજા સત્સંગી થઈને હાથ જોડીને ઊભા રહે તે વડે કરીને પણ અમારે મોટાઈ નથી અને આ સત્સંગી સર્વે છે તે વિમુખ થઈ જાય ને મને કોઈ માને નહિ અને પહેરવાને વસ્ત્ર ને રહેવાને જગ્યા ન મળે તેણે કરીને મારી હિણપ થાતી નથી.”

શ્રીજીમહારાજને આત્મા રૂપે વર્તવાનું નથી. તેઓ તો સર્વેના આત્મા એટલે કે સર્વે કારણના કારણ છે. તો મહારાજે

અમને આવું વર્તે છે એવું શા માટે કહ્યું ? તો એક, આપણને શીખવવા માટે અને બીજું, જો તમારે અમારી સાથે બનાડવું હશે તો તમારે પણ આવી રીતે વર્તવું પડશે એમ સમજાવવા.

મહારાજ આ વચનામૃત દ્વારા આપણને સાચી મોટપનો ખ્યાલ આપી રહ્યા છે. જગતના જીવની મોટપ અને ભગવાનના ભક્તની મોટપમાં બહુ ફેર છે. જગતના જીવની મોટપ શું ? તો, ગૃહસ્થ માટે સારો બંગલો, ગાડી, ઝાઝું દ્રવ્ય-સંપત્તિ, ભૌતિક સાધનો, ભણતર, ડિગ્રી આ બધી આ લોકની મોટપ છે અને સાધુ માટે ચારેબાજુ બધા હરિભક્તો માને, પૂજે, વિદ્વત્તા હોય, સારું બોલતા આવડતું હોય તે આ લોકની મોટપ છે. આ મોટપને સાચી માની લે તો તે સાધુ કે હરિભક્ત જગતના જીવના જેવી સમજણવાળા કહેવાય. આવી મોટપ મળે ત્યારે સુખી કરે છે ને જતી રહે તો દુઃખી કરે છે. માટે તે ન ઇચ્છતાં સ્વ-સ્વરૂપનો પ્રકાશ અને ઈષ્ટદેવની ઉપાસના વડે પમાતી મોટપને ઇચ્છવી. કારણ કે તે વાસ્તવિક મોટપ છે. જે ભગવાનના ભક્તની છે.

ગુરુદેવ પ.પૂ. બાપજી કહેતા, 'મુઝે કૌન મિલા હૈ ? ઔર કૈસા કિયા હૈ ?' એવો આત્મનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠાનો કેફ રાખવો. ગઢડા પ્રથમ પ્રકરણના ૭૨મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે, "જેને મહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તે થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શો સંશય છે ?"

હળવદના અમરશી ખત્રી દરરોજ તળાવના આરે કપડાં ધોવા તથા રંગવાનું કામ કરતા. આ દરમ્યાન શરમ મૂકી ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરતા. ધ્રાંગધ્રા નરેશ ત્યાંથી પસાર થતી વખતે આ સાંભળતા. એક દિવસ તેઓએ અમરશી ખત્રીને નજીક બોલાવી પૂછ્યું, "અલ્યા, તું આ મોટે મોટેથી સ્વામિનારાયણનું ભજન કરે છે તો સ્વામિનારાયણ તારું કલ્યાણ કરશે એવું લાગે છે ?" ત્યારે અમરશી ખત્રીએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર કેફથી કહ્યું, "બાપુ, સ્વામિનારાયણ ભગવાન મળ્યા ત્યારથી મારું કલ્યાણ તો થઈ જ ગયું છે પણ મારા ઘરમાં રહેતાં ઉંદર, બિલાડાં, ગાય, ભેંસ તે મારા ઘરની પ્રસાદી જમે છે માટે તેમનું પણ કલ્યાણ થઈ ગયું. અને બાપુ, આજે તમે મારી વાત સાંભળી તેથી તમારું પણ કલ્યાણ થઈ ગયું." આવું નિશ્ચયનું બળ અને પાવર કોને વર્તે ? તો જેને સત્પુરુષરૂપી ખીલો જબરજસ્ત મળ્યો હોય તેને. આપણા ઉપર અનહદ કૃપા છે કે આપણને સત્પુરુષરૂપી જબરજસ્ત ખીલો મળ્યો છે માટે કેફમાં રહેવું. મૂર્તિમાં રહીને જીવના કલ્યાણના સંકલ્પ કરીએ તો મહારાજ જરૂર સિદ્ધ કરે.

એક વખતના ઑસ્ટ્રેલિયા વિચરણમાં વિમાની મુસાફરી દરમ્યાન બાબુભાઈ કારોત્રાએ અમને (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને) પૂછ્યું, "દયાળુ, હરિકૃષ્ણ મહારાજ અને આપ આ પ્લેનમાં બિરાજ્યા છો તો આ પ્લેનમાં બેસનારા માટે આપે શું સંકલ્પ કર્યો ?" ત્યારે અમે એક પ્રસંગ કહ્યો હતો.

એક વખત શ્રીજીમહારાજ કારિયાણીથી સારંગપુર પધારતા હતા. રસ્તામાં એક વૃદ્ધને ચાલતા જોઈ મહારાજે તેમને ગાડામાં બેસાડી દીધા. એટલું જ નહિ, છેક તેમના ઘરે જઈ મૂકી આવ્યા. આ જોઈ ગાડું ચલાવનાર હરિભક્તે મહારાજને કહ્યું, "મહારાજ, તમે તો ભારે દયાળુ ! છેક એના ઘરે મૂકી આવ્યા." ત્યારે મહારાજે કહ્યું, "અમે એને એના ઘરે નહિ; અમારા ઘરે મૂકી દીધા. અમારા ધામમાં પહોંચાડી દીધા. અને જાવ, આ ગાડું ચલાવનાર બળદ અને ગાડું ટકે ત્યાં સુધી એમાં જે બેસશે તે બધાયનું પણ પૂરું."

બાબુભાઈ, આ વિમાન પણ ગાડું જ કહેવાય. એ જ હરિકૃષ્ણ મહારાજ આજે બિરાજ્યા છે માટે વિમાનમાં બેઠેલા બધા અને આજ પછી આ વિમાનમાં જે જે બેસે તે બધાનું પૂરું. અત્યારે જે કોઈ ખેંચાય છે તે બધા આવા જ સંકલ્પમાં આવી ગયા હશે.

તા. ૨૫-૭-૨૦૨૪ના રોજ વિજાપુરમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે શોભાયાત્રા નીકળી હતી. આ દરમ્યાન રસ્તામાં એક કેળાંની લારીવાળા ભાઈએ અમને (ગુરુજીને) એક કેળાંની લૂમ ભેટ ધરી. અમે (ગુરુજીએ) એમાંથી બે કેળાં લઈ આખી લૂમ પાછી આપી. તેણે નિર્દોષભાવે લઈ લેવા આગ્રહ કર્યો છતાં અમે ન લીધાં અને રથમાં બેઠેલા મોહનભાઈને કહ્યું, "ગણો, લૂમમાં કેટલાં કેળાં છે ?" "સોળ અને આપણે બે લીધાં અઢાર." તરત મહારાજને પ્રાર્થના કરી, "હે મહારાજ ! આની ૧૮ પેઢીનું કલ્યાણ કરી કારણ સત્સંગમાં લાવજો." આગળ જતાં ખલેલાંની લારીવાળાએ ઝભલું ભરી ખલેલાં આપ્યાં. તેમાંથી ૮-૧૦ નંગ લીધાં અને તેમનાં કલ્યાણ માટે પ્રાર્થના કરી. થોડે આગળ જતાં એક ઘોડાને દર્શન કરાવવા લઈ આવ્યા. તેના માટે પણ આવી બળભરી પ્રાર્થના કરી સંકલ્પ કર્યો.

આવા આશીર્વાદ સામાન્ય સાધુ ન આપી શકે. જેના સંપૂર્ણ

કર્તા સ્વયં શ્રીજીમહારાજ હોય એવા સત્પુરુષ દ્વારા મહારાજ આશીર્વાદ આપે, મહારાજ સંકલ્પ કરે. પણ આવી ભારે વાતો બધાને ન સમજાય. સમજાય તો કામ થઈ જાય.

સદ્. વૃંદાવનસ્વામી પાટડી પધારેલા. સુંદરજી ખોજા હાથમાં સાકરનો પડો લઈ સદ્ગુરુનાં દર્શન કરવા આવ્યા. એ દિવસે સભામાં ખૂબ ઊંચી વાતો થઈ હતી. તેથી સદ્ગુરુએ કાંડું ઝાલી પૂછ્યું, ‘‘અમારી વાતો સમજાય છે ?’’ ત્યારે ખોજાએ કહ્યું, ‘‘સ્વામી, બીજું કાંઈ સમજાતું નથી પણ તમે મોટાપુરુષ છો આટલું તો સમજાય છે. મોટાપુરુષ તો જડનાય કલ્યાણ કરે અને ચૈતન્યના પણ કરે.’’ ત્યારે સદ્ગુરુએ કહ્યું, ‘‘ખોજા, જડનાં કામ તો ચપટીમાં થાય; પણ ચૈતન્યના વાર લાગે.’’ એટલે કે વિશ્વાસીનું કામ તરત થાય; બુદ્ધિશાળીને વાર લાગે.

મોટાપુરુષની પરભાવી અલમસ્તાઈ અને મોટપની ગેડ્ય પડી જાય તો ચપટીમાં કલ્યાણ થઈ જાય. ગુરુદેવ પ.પૂ. બાપજી કહેતા, ‘‘તમે બધા અમને ગુરુ ગુરુ કરો છો પણ અમને કદી એમ નથી લાગ્યું કે અમે તમારા ગુરુ છીએ. અમે તો તમારા દાસ છીએ.’’ એક દીકરાના પિતાને એવું નથી ભુલાતું કે ‘હું બાપ છું’ જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી અનંતના ગુરુ હોવા છતાં કહેતા, ‘‘હું શેનો ગુરુ ? આપણી પાસે ચપટીયે નથી.’’ હંમેશાં દાસત્વભાવે જ વર્ત્યા છે. ગુરુને યશ ધરે તે શ્રેષ્ઠ શિષ્ય અને ભગવાનને બધો યશ અર્પે તે સત્પુરુષ.

લૌકિક મોટાઈથી પર અલૌકિક મોટપથી જેઓ પ્રસન્ન રહેતા હોય તેમનો પ્રભાવ અને આભા જુદી જ પ્રવર્તતી હોય. રાજા પ્રસેન્નજિતને સમાચાર મળ્યા કે નદીકિનારે એક મહાન સંત પર્ણ કુટિર બાંધીને રહે છે. રાજા પોતાના રાજાશાહી ઠાઠ સાથે હાથી પર બેસીને સંતનાં દર્શન કરવા નીકળ્યા. સંતને સમાચાર મોકલ્યા કે, ‘રાજા દર્શન કરવા આવે છે.’ સંતે પર્ણ કુટિરમાં જઈ દરવાજો બંધ કરી દીધો. રાજાએ દર્શન કરવા દરવાજો ખખડાવ્યો. પરંતુ સંતે અંદરથી જવાબ આપ્યો, ‘‘અત્યારે સમય નથી.’’ રાજા દર્શન વિના પાછા ગયા. રાજા બીજી-ત્રીજી વાર આવ્યા. તેમ છતાં દર્શન ન આપ્યાં. રાજા વિચક્ષણ બુદ્ધિના હતા. તેથી તેમણે વિચાર્યું, ‘સંત કેવા અલમસ્ત છે ! હું મારી મોટ્યપ લઈને જઉં છું એટલે દર્શન થતાં નથી.’ પછી તો રાજા એકલા ગયા. પર્ણ કુટિરનું દ્વાર ખખડાવી કહ્યું, ‘‘ખોલો, હું તમારો દાસ-સેવક આપનાં દર્શન કરવા આવ્યો છે.’’ સંત તરત દ્વાર ખોલી ભેટી પડ્યા.

સંતને રાજાધિરાજ એવા ભગવાન મળ્યાનો કેફ હતો. તેથી રાજાની મોટ્યપથી અંજાયા નહીં. તેમ આપણને ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ કેવા સમ્રાટ સ્વરૂપ મળ્યા છે ! એનો કેફ હોય તો આ લોકનું બધું તુચ્છ થઈ જાય. બધું કંગાળપણું ટળી જાય. બસ, કેવા મહારાજ મળ્યા છે ! અને કેવા કર્યા છે ! એવા પ્રાપ્તિના કેફમાં નિરંતર રાચેલા રહીએ.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

તા. ૧૧-૮-૨૦૨૪ ને રવિવારના રોજ વ્હાલા ગુરુજીની અનુજ્ઞાથી પૂ. સંતોના સાંનિધ્યમાં સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ૧૯માં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનની ઉજવણી ‘ગુરુકુલ એક પરિવાર’ થીમથી કરવામાં આવી હતી. આ સંમેલનની પૂર્વ સંધ્યાએ કીર્તનભક્તિ દ્વારા પૂ. સંતોની નિશ્રામાં જૂની સ્મૃતિ તાજી કરી વિદ્યાર્થીઓ આનંદિત થયા હતા.

દ્વિતીય દિને સંમેલનના મુખ્ય સેશનની શરૂઆત દરેક વિદ્યાર્થીઓને પૂ. સંતો દ્વારા ભાલમાં કુમકુમનો ચાંદલો અને નાડાછડી બાંધીને કરવામાં આવી હતી. આજના દિને પ્રથમ તથા દ્વિતીય સત્રમાં પૂ. મૂર્તિસ્વામી, પૂ. આદર્શસ્વામી, પૂ. તેજોમયસ્વામી તથા પૂ. પ્રિયવદનસ્વામી આદિકનો વિવિધ વિષય પર કથાવાર્તાનો લાભ મેળવી સૌ મુક્તો દિવ્યજીવન જીવવા દૃઢ નિશ્ચયી બન્યા હતા. આ ઉપરાંત, વિવિધ દશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા વિદ્યાર્થીમુક્તો રાજીપાના માર્ગે પુષ્ટિ મેળવી ધન્ય બન્યા હતા. વ્હાલા ગુરુજી વિદેશ ખાતે સત્સંગ વિચરણમાં હોવા છતાં પોતાના વ્હાલસોયા ગુરુકુલના મુક્તોને કેમ ભૂલી શકે ? વિદેશ સત્સંગ વિચરણ દરમ્યાન પણ વ્હાલા ગુરુજીનો બળપ્રેરક દિવ્ય લાભ તથા વ્હાલા ગુરુદેવના વિડિયો માધ્યમ દ્વારા આશીર્વાદ મેળવી સૌ કૃતાર્થ બન્યા હતા. સંમેલનના અંતિમ ચરણમાં સૌ વિદ્યાર્થીમુક્તો ભેટણ લીલા તથા પ્રસાદીનો લાભ લઈ સુમધુર યાદો સાથે છૂટા પડ્યા હતા.

આજરોજ આ જ રીતે મહિલા વિભાગમાં પણ ગર્લ્સ ગુરુકુલની વિદ્યાર્થિનીઓ માટે પણ ભૂતપૂર્વ વિદ્યાર્થિની સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ, આ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનમાં ૭૦૦થી પણ વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



પરભાવી અલમસ્તાઈ અવરભાવના સુખને ગૌણ કરી દે.



# વચનામૃત સાર

## લોયા : ૪ (ભાગ-૧)

વ્હાલા મુક્તો, જય સ્વામિનારાયણ.

આજે આપણે લોયાના ૪થા વચનામૃતમાં મહારાજે જણાવેલા રહસ્ય-અભિપ્રાયને સમજીશું.

**વચનામૃત : "પછી અખંડાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, અનંતકોટિ બ્રહ્માંડ છે તે બ્રહ્માંડોને વિષે જેવી આ બ્રહ્માંડમાં વર્તમાનકાળે ભગવાનની મૂર્તિ છે તેવી ને તેવી જ છે કે અંશ કળાએ કરીને છે ?"**

**વિશ્લેષણ :** શાસ્ત્રોમાં બાધ-બાધાંતરો ઘણા હોય છે. કારણ કે જ્યારે જેવી જરૂર હોય ત્યારે તેવી વાત કરી હોય કે લખી હોય. વળી, અધ્યાત્મ માર્ગ આખો બુદ્ધિથી પરનો માર્ગ છે. આથી શાસ્ત્રોને બુદ્ધિથી સમજવા જાય તો કાંઈનું કાંઈ સમજી બેસાય. એટલે તો મહારાજે ગઢડા મધ્યના ૩૧મા વચનામૃતમાં જ કહ્યું છે કે, "શાસ્ત્રના શબ્દ સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી." માટે કાં તો ભગવાન મળે અને કાં તો ભગવાનના ધામમાંથી પધારેલા અનુભવી સત્પુરુષ મળે ત્યારે જ એમની કૃપાએ શાસ્ત્રોના મર્મને જેમ છે તેમ સમજી શકાય. ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં મહારાજે આ વાતને પુષ્ટિ આપતાં સ્વમુખે કહ્યું છે કે, "અને આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે; પણ પોતાની બુદ્ધિ બળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."

સત્સંગમાં આવ્યા પછી ઘણા મુમુક્ષુઓના અંતરમાં આ

સર્વસામાન્ય પ્રશ્ન ઊઠતો હોય છે. તેથી આપણા સૌ વતી સદ્. અખંડાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો છે.

સૌપ્રથમ આ પ્રશ્નનો અર્થ શું થાય ? તે સમજીએ અને ત્યારપછી પ્રશ્ન પૂછવાનો હેતુ સમજીએ.

**પ્રશ્નનો અર્થ :** અહીં સ્વામીએ નિશાન તાકીને ભડાકો કર્યો છે પણ નિશાન વગરનો ભડાકો કર્યો નથી. અર્થાત્ સ્પષ્ટ શ્રીજીમહારાજને ભગવાન ઉલ્લેખીને વાત કરી છે. કેવી રીતે ? તો, સ્વામીએ પૂછ્યું છે કે, “આ બ્રહ્માંડમાં વર્તમાનકાળે ભગવાનની મૂર્તિ છે.” આનો અર્થ શું થયો ? વર્તમાનકાળે કયા ભગવાન હતા ? તો, શ્રીજીમહારાજ. સરળ ભાષામાં સમજીએ તો સ્વામી એવું પૂછવા માગે છે કે, “હે મહારાજ ! વર્તમાનકાળે આપ આ બ્રહ્માંડમાં અમને જેવા દેખાવ છો તેવા ને તેવા જ અનંતકોટિ બ્રહ્માંડમાં છો કે અંશ કળાએ કરીને છો ?”

**અંશ કળા એટલે શું ?**

અંશ કળાએ એટલે અન્વય સ્વરૂપે. શ્રીજીમહારાજ એક કિરણ દ્વારે ઉત્તરોત્તર અનંત ઐશ્વર્યાવેશ અવતારો દ્વારે કામ કરે તે અંશ કળાએ કરીને કહેવાય. ટૂંકમાં, શ્રીજીમહારાજ અનંતકોટિ બ્રહ્માંડમાં અન્વય સ્વરૂપના અવતારો રૂપે પ્રગટ થાય છે કે મનુષ્ય રૂપે સાક્ષાત્ વ્યતિરેક દર્શન જ આપે છે ? આ અખંડાનંદ સ્વામીના પ્રશ્નનો અર્થ થાય.

**પ્રશ્નનો હેતુ :** અહીં આ પ્રશ્નમાં મુખ્ય બે બાબતોની ચોખવટ સમજવાની છે.

(૧) વર્તમાનકાળે ભગવાનની મૂર્તિનાં દર્શન થાય છે તે મૂર્તિ કેવી છે ? અને કેવી રીતે દર્શન આપે છે ? કારણ કે મહારાજ એ વખતે મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપતા એટલે લોકો એમ સમજતા કે શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી અહીં પૃથ્વી પર મનુષ્યદેહ ધારણ કરીને પધાર્યા છે. એટલે અક્ષરધામ અહીં નથી, અધ્ધર ક્યાંક છે. અને અત્યારે લોકો એવું માને છે કે શ્રીજીમહારાજ પ્રતિમા સ્વરૂપે દર્શન આપે છે પણ સાક્ષાત્ તો અધ્ધર અક્ષરધામમાં જ છે. અને આપણે મરીને ધામમાં જવાનું છે. આ ગેરમાનીનતા કઢાવી વાસ્તવિકતા સમજાવવાનો એક હેતુ છે.

(૨) આ બ્રહ્માંડમાં તો સમજ્યા પણ અનંતકોટિ બ્રહ્માંડમાં શ્રીજીમહારાજ કેવી રીતે દર્શન આપે છે ? અન્વય સ્વરૂપના અવતારો દ્વારે દર્શન આપે છે કે પોતે જ અનંત રૂપ ધરીને દર્શન આપે છે કે અનંત રૂપ ધર્યા વગર સાક્ષાત્ પોતે જ દર્શન આપે છે ? તેની વાસ્તવિક રીત સમજાવવાનો હેતુ છે.

હવે આપણે શ્રીજીમહારાજના ઉત્તર દ્વારા આ બંને હેતુઓને યથાર્થ રીતે સમજીએ.

**વચનામૃત : “પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ બિલોરી કાચનું એક મોટું મંદિર હોય ને તેને દશે દિશે અનંત બિલોરી કાચની નાની ઓરડીઓ હોય પછી મધ્યનું જે કાચનું મંદિર તેમાં એક પુરુષ ઊભો હોય તે એક ઠેકાણે રહ્યો થકો સર્વે બીજી ઓરડીઓમાં ભાસે તેમ ભગવાન પોતે પોતાના અક્ષરધામને વિષે સદા વિરાજમાન છે અને મૂળ માયામાંથી ઊપજ્યા જે અનંતકોટિ પ્રધાનપુરુષ તે થકી અનંતકોટિ બ્રહ્માંડ ઊપજે છે. પછી તે ભગવાન પોતાના અક્ષરધામમાં એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઇચ્છાએ કરીને અનંતકોટિ બ્રહ્માંડને વિષે અનંત રૂપે દેખાય છે.”**

**વિશ્લેષણ :** અહીં શ્રીજીમહારાજ બિલોરી કાચના મંદિર અને ઓરડીના દૃષ્ટાંત દ્વારા પોતાની પરભાવી રીત સમજાવી રહ્યા છે. જેમ બિલોરી કાચના મંદિરની મધ્યમાં કોઈ એક પુરુષ ઊભો હોય તો તે ફરતે અનંત કાચની ઓરડીઓમાં ભાસે છે. તેમ બિલોરી કાચના મંદિરને ઠેકાણે અક્ષરધામ છે. અને અનંત ઓરડીના ઠેકાણે અનંતાનંત બ્રહ્માંડો છે. અને પુરુષના ઠેકાણે સ્વયં પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન છે. એટલે કે શ્રીજીમહારાજ પોતે પોતાના અક્ષરધામમાં જ રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડોમાં દેખાય છે પણ બીજું રૂપ ધરવું પડતું નથી. આ જ શ્રીજીમહારાજની યોગકળા છે.

હજુ આને વિસ્તૃત રીતે સમજીએ. કારણ કે દૃષ્ટાંત હંમેશાં એકદેશી હોય. કોઈ એક બાબત પૂરતું લાગુ પડતું હોય; સર્વ રીતે લાગુ ન પડતું હોય. તો આ દૃષ્ટાંત કઈ રીતે લાગુ પડે છે અને કઈ રીતે લાગુ નથી પડતું તેને સમજીએ.

- **કઈ રીતે લાગુ પડે છે ? :** પુરુષ બિલોરી કાચના મંદિરમાં ઊભો રહ્યો થકો જ અનંત ઓરડીઓમાં દેખાય છે પણ એણે અનંત રૂપ ધર્યા નથી. એક જગ્યાએ રહ્યા થકા જ અનંત જગ્યાએ દેખાય છે. તેમ શ્રીજીમહારાજ પણ અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટિ બ્રહ્માંડમાં જ્યાં જેને જેવી જરૂર હોય, ત્યાં તેને તેવી રીતે દેખાય છે. પણ તેમને અનંત રૂપ ધરવા પડતા નથી.

● **કઈ રીતે લાગુ નથી પડતું ? :** કાચની અનંત ઓરડીઓમાં જે પુરુષ દેખાય છે તે વાસ્તવિક નથી; માત્ર પ્રતિબિંબ છે – આભાસ છે. જો કાચની ઓરડી તૂટી જાય તો પુરુષ દેખાતો બંધ થઈ જાય. જ્યારે શ્રીજીમહારાજ અનંતકોટિ બ્રહ્માંડમાં દેખાય છે તે માત્ર આભાસ નથી. શ્રીજીમહારાજ પોતે જ સાક્ષાત્ અનંતકોટિ બ્રહ્માંડોમાં દર્શન આપે છે પણ અનંત રૂપ ધરતા નથી. તેથી આ બાબતે તે એકદેશી કહેવાય.

આ વાતને વિશેષ સમજવા માટે એક અક્ષરધામનું રૂપ અને બીજું અવરભાવ અને પરભાવ આ બે શબ્દને સમજવા ફરજિયાત છે.

અક્ષરધામ એટલે શ્રીજીમહારાજની મૂર્તિમાંથી નીકળતો અધોઊર્ધ્વ ચારેકોરે પ્રમાણે રહિત એવો તેજનો સમૂહ. આ તેજનો સમૂહ ક્યાં હોય ? તો જ્યાં મહારાજની મૂર્તિ હોય ત્યાં અર્થાત્ મહારાજની મૂર્તિ અને તેજનો સમૂહ (અક્ષરધામ) આ બે કદી જુદાં પડતાં જ નથી, પડી શકે જ નહીં. આમ, અક્ષરધામ એ કોઈ સ્થાનવાચક શબ્દ નથી. અર્થાત્ કોઈ ફિક્ષ જગ્યા નથી કે સ્થાન નથી. મહારાજનું તેજ એ જ અક્ષરધામ છે. આ વાતનું પ્રમાણ મહારાજે ગઢડા મધ્યના ૪૨મા વચનામૃતમાં આપ્યું છે કે, ‘‘જ્યાં આ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.’’

એ જ રીતે અવરભાવ એટલે જે નરી આંખે દેખાય છે પણ ખોટું છે, દેખાવામાત્ર છે. વધુ સ્પષ્ટતા કરીએ તો ઇન્દ્રિયો-અંતઃકરણથી જે કાંઈ દેખાય, અનુભવાય એ બધો અવરભાવ. અવરભાવમાં વસ્તુ, વ્યક્તિ, સ્થળ, સ્થાન, પદાર્થ આ બધું જ હોય. જ્યારે પરભાવ આખી નોખી વસ્તુ છે. જેની ઇન્દ્રિયો-અંતઃકરણ દ્વારે ઓળખાણ કે અનુભવ ન થાય. કેવળ ચૈતન્ય ભૂમિકાએ જ ઓળખાય ને અનુભવાય એ પરભાવ. પરભાવ સ્થાનવાચક શબ્દ નથી. પરભાવમાં વ્યક્તિ, વસ્તુ, પદાર્થ, સ્થળ, સ્થાન આદિ કશું જ ના હોય. કેવળ મહારાજ અને મુક્ત આ બે જ પરભાવી દુનિયાનાં તત્ત્વો છે.

હવે આપણે મૂળ મુદ્દાને સમજીએ. સદ્. અખંડાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ એવું કહેવા માગે છે કે, વર્તમાનકાળે અમે તમને આ બ્રહ્માંડમાં મનુષ્ય જેવા દેખાઈએ છીએ. પરંતુ મનુષ્ય જેવા થયા નથી કે છીએ પણ નહીં. માટે અમે આ બ્રહ્માંડમાં પણ આવ્યા-ગયા નથી. તો અન્ય બ્રહ્માંડોમાં પણ આવવા-જવાપણું ક્યાંથી હોય ? અમે તો સદાય પરભાવમાં જ છીએ. અને પરભાવમાં રહ્યા થકા જ અનંતકોટિ બ્રહ્માંડમાં જ્યાં, જેને, જેવી જરૂર પડે તેને તેવા દેખાઈએ છીએ પણ એવું રૂપ ધરવું પડતું નથી કે ક્યાંય આવવું-જવું પડતું નથી.

આ જ શ્રીજીમહારાજનું અકળિતપણું છે, ઐશ્વર્ય છે, સર્વોપરીપણું છે. અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈની પાસે આવું અકળિતપણું નથી. આ સમજવું બહુ અઘરું છે. કારણ કે આ બુદ્ધિકક્ષા બહારનો વિષય છે. કેવળ વિશ્વાસનો વિષય છે. અનુભવી સત્પુરુષની કૃપા વિના, જોગ વિના આ વાતની જીવમાંથી હા પડવી શક્ય જ નથી.

હવે આપણે સમજવાનું છે કે ભલે આપણને શ્રીજીમહારાજ અત્યારે પ્રતિમા સ્વરૂપે દેખાય છે. પરંતુ એ દેખાવામાત્ર જ છે. ખરેખર તો એ પ્રગટ અને પ્રત્યક્ષ છે, દિવ્ય તેજોમય છે. અનંત મુક્તો, તેજનો સમૂહ, ઐશ્વર્ય, સામર્થી, લાવણ્યતા આ બધું જ આ મૂર્તિ ભેળું જ છે. આમ સમજવું તેને કહેવાય પ્રત્યક્ષપણે નિશ્ચય. આવી સમજણ થાય તો સારંગપુરના ૧૦મા વચનામૃત પ્રમાણે અક્ષરધામ અણુમાત્ર છેટું ન રહે; હું છતે દેહે અક્ષરધામમાં જ છું એવું પૂર્ણકામપણું વર્તે.

આપણો કારણ સત્સંગનો મૂળ સિલેબસ તો હજુ આથી આગળનો છે. પ્રતિમા સ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ સમજીએ એમાં હજુ મહારાજની સામે રહ્યા, જુદા રહ્યા. એમાં આપણી અને મહારાજની વચ્ચે ઘણું છેટાપણું રહ્યું. જ્યારે સામે પ્રતિમા સ્વરૂપે જે તેજોમય મહારાજ છે તે પ્રતિલોમપણે મારા નિજ મંદિરમાં દેહને ઉડાડીને દેહના સ્થાને આવીને બિરાજી ગયા છે. અને મને (દેહથી જુદા આત્માને) પુરુષોત્તમરૂપ કરીને મૂર્તિમાં રાખી લીધો છે. આવું નિરુત્થાનપણું થાય ત્યારે જ યથાર્થ પ્રત્યક્ષપણે નિશ્ચય થયો ગણાય. આવા હરિભક્તને પછી કાંઈ કરવાનું બાકી રહેતું નથી. આપણે બધાએ પણ અંતે કરી કરીને આ જ દૃઢ કરવાનું છે. તો બસ, કારણ સત્સંગી તરીકે આ સમજણને દૃઢ કરવા કટિબદ્ધ બનીએ.



# ગુરુજીના સંગે જીવન પરિવર્તન

જોબનપગી,
તખોપગી,
રૂડિયો રખડું,
વેરાભાઈ.

૧૮મી સદીમાં આવા તો સેંકડો પાત્રોનાં નામ સાંભળતાં ભલભલાને કંપારી છૂટવા માંડતી. એવા ખૂનખાર ડાકુઓને શ્રીહરિએ પોતાના દિવ્ય સાંનિધ્યમાં લઈ દિવ્ય પ્રેમવર્ષામાં ભીંજવી તેમનાં જીવનપરિવર્તન કર્યાં છે. તીર-કામઠાં છોડાવી હાથમાં માળા ગ્રહણ કરાવી છે. આમ, શ્રીહરિએ તેઓને માર્યા નથી પણ તેમનામાં રહેલી આવી આસુરી વૃત્તિનો ધ્વંસ કરી દિવ્યજીવનના રાહની કેડી કંડારી આપી છે. આ જ શ્રીહરિના સર્વોપરીપણાની એક વિશિષ્ટ લાક્ષણિકતા છે.

શ્રીહરિના રોમ રોમ પરભાવી સંબંધને પામેલા સદ્‌ગુરુ સંતોએ પણ જોગમાં આવતા પાપના પર્વત સમા, પશુતુલ્ય જીવન જીવતા જીવોનાં પણ પોતાનાં દિવ્ય દર્શન, સ્પર્શ, સાંનિધ્ય અને સમાગમ દ્વારા જીવનપરિવર્તન કર્યાં છે.

અમીરપેઢીના વડદાદા સદ્. ગોપાળાનંદ સ્વામીના સંગે લોધિકા દરબાર અભેસિંહબાપુનું કેવું જીવનપરિવર્તન થયું !! અભેસિંહબાપુ ગામધણી તેથી ખાવા-પીવામાં, રહેવા-ફરવામાં કોઈ બંધન જ નહીં. મનમુખી અને પાપમય જીવન વિતાવતા. યુવાનીના મદમાં ફરતા, શિકાર અને માંસાહારના ખૂબ શોખીન. એક વાર પિતા જીભાઈ દરબારની ભલામણથી અભેસિંહબાપુ મેંગણી ગામે સદ્. ગોપાળાનંદ સ્વામીનાં દર્શને આવ્યા.

સદ્. ગોપાળાનંદ સ્વામીએ બરડે ધબ્બો માર્યો અને એટલું જ બોલ્યા, “કેમ અભેસિંહ ! બાપુનું માનતા નથી ?” એટલું જ જ્યાં કહ્યું ત્યાં તો અભેસિંહબાપુના જીવનમાં દિવ્યતાનો સંચાર થવા લાગ્યો. અભેસિંહ બે હાથ જોડી સ્વામીના ચરણોમાં ઢળી પડ્યા.

“સ્વામી ! આપ જેમ કહેશો તેમ કરીશ.” બસ, એ જ

દિવસથી અભેસિંહનાં બધાં કુકર્મો અને દુરાચારી વર્તન ગયું. સદ્‌ગુરુના પ્રતાપે લોઢું સોનું થયું. અભેસિંહબાપુ છ છ કલાક ધ્યાન કરનાર મહામુક્ત બન્યા.

વર્તમાનકાળે એવી કોઈ દિવ્ય વિભૂતિ ખરી ?? કે જેમના પ્રતાપે અનેકનાં જીવનપરિવર્તન થાય ?? અફસોસ જ અસ્થાને છે. આજે સદ્. ગોપાળાનંદ સ્વામીની પેઢીના સમર્થ વારસદાર ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની ભેટ સમગ્ર એસ.એમ.વી.એસ. પરિવારને મળી છે. જેમના રોમેરોમમાં શ્રીહરિ બિરાજે છે. તેથી જ તો તેઓશ્રીના દિવ્ય પ્રસંગે, દિવ્ય સ્પર્શે, દિવ્ય સાંનિધ્યે, દિવ્ય માતૃવાત્સલ્યથી અનંતનાં જીવન પરિવર્તિત થયાં છે અને દિવ્યજીવનના રાહે ચાલતા થયા છે.

લંડનના એક યુવકમુક્ત કે જેમનો જન્મ અને ઉછેર વિદેશમાં થયો હતો. તેઓ નાનપણથી સત્સંગના યોગમાં હતા પરંતુ વિદેશી વાતાવરણ અને મિત્રોના સંગે સંપૂર્ણતઃ વિદેશી ઢબથી રંગાઈ ગયેલા. દારૂનું સેવન અને ધૂમ્રપાનનું વ્યસન તો તેઓ માટે સહજ થઈ ગયું. મનસ્વી વર્તનથી તેઓને કારણે રોજ ઘરમાં ડખા-ઝઘડા થતા. તેઓની વિદેશી રંગથી રંગાયેલી રીતિ-નીતિ, વ્યસની જીવન સત્સંગમાં પણ ન ચાલે તો કારણ સત્સંગમાં તો ચાલે જ કેવી રીતે ? આ બધું જોઈને તેઓનાં માતુશ્રી ખૂબ દુઃખી થતાં. તેમના આગ્રહથી યુવક સત્સંગમાં આવતા. અવારનવાર સત્સંગ સભાઓમાં ગુરુજીના મુખે તથા પૂ. સંતોના મુખે સત્સંગીની આચારસંહિતા સાંભળતા ત્યારે તેઓ દુઃખી થતા. પરંતુ અંતરમાં આ ઢાળને બદલવાની કે વ્યસન છોડવાની કોઈ તૈયારી પણ નહિ અને આંતરિક બળ પણ નહીં.

યુવકનાં ધર્મપત્ની તથા બાળકોને પણ યુવકનું આવું વર્તન બેહૂદું લાગતું તેથી ઘરમાં ઝઘડા-કંકાસ થયા કરતા. ગત વર્ષ ૨૦૨૩માં તેઓનાં માતુશ્રી પરાણે તેમને ઇન્ડિયા લઈ આવ્યાં. સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે જ્ઞાનસત્ર-૧૭માં લાભ લેવડાવ્યો. જ્ઞાનસત્ર-૧૭માં લાભ લીધા પછીના આ યુવકમુક્તના ઉદ્‌ગારો જોઈએ એમના જ શબ્દોમાં :

“ખરેખર મારા જીવનનો ટર્નિંગ પૉઈન્ટ એટલે જ જ્ઞાનસત્ર-૧૭માં મળેલ વ્હાલા ગુરુજીનું દિવ્ય સાંનિધ્ય. હું નાનપણથી સત્સંગી હતો. પરંતુ વિદેશના રંગથી સંપૂર્ણ રંગાયેલું જીવન. સભામાં વારંવાર ગુરુજી તથા સંતોના મુખે સત્સંગી તરીકેનું જીવન કેવું હોય તે સાંભળતો ત્યારે મને મારી જાત માટે ખૂબ દુઃખ થતું. પરંતુ મારા જીવનમાં changes લાવવા impossible હતા.

ગત દિવાળીએ હું મારાં મધર (માતુશ્રી) સાથે ઇન્ડિયા આવ્યો. મારું જીવન આવું હતું તે ગુરુજી જાણતા હતા. છતાંય મને તેઓ પોતાની સાથે રાખતા. બેસતા વર્ષે તો મને ભેટ્યા અને કહ્યું, ‘ભઈલા, તું આવ્યો ?? અમે તારા પર ખૂબ રાજી છીએ.’ બસ, આ જ સમયથી મારામાં ગુરુજીની દિવ્યતાનો સંચાર થવા લાગ્યો. એ પછી જ્ઞાનસત્ર-૧૭માં પ્રથમ દિવસના પ્રથમ સેશનથી જ સેવક આગળ બેસતો. ગુરુજીની દિવ્યવાણીનો અને અમીદૃષ્ટિનો લાભ પામી ખૂબ ગદ્‌ગદિત થઈ જતો. મારા આંતરતંત્રમાં ખળભળાટ મચી જતો. એમાંય ગુરુજીકૃત રટણ ટૂલ્સ ‘હું જગતનો જીવ નથી, ભૌતિક સુખો મારા માટે નથી... હું દેહ છું જ નહિ, મારે દેહના ભાવો છે જ નહિ... હું અનાદિમુક્ત જ છું, અખંડ મૂર્તિમાં જ છું...’ મારા માનસપટ પર એવી અમીટ છાપ પાડી ગયા કે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાં આ જ રટણ આપમેળે ચાલ્યા કરતું. એમાંય દરરોજ પ્રાતઃ સમયે થતા ગુરુજીનાં નિકટ દર્શન વખતે થતો દિવ્ય સ્પર્શ તથા એમની દિવ્યદૃષ્ટિએ તો જાણે મારા જીવનમાં કંઈક જાદુ જ કરી દીધો. પછીથી જીવનમાંથી વિદેશી રંગ ઊતરી સત્સંગનો ખરો રંગ ચડી ગયો.

મારી ૧૪ વર્ષની ઉંમરથી પડેલી ડ્રીંક (દારૂ સેવન) કરવાની લત ગુરુજીના દિવ્ય વ્હાલથી ૪૧ વર્ષે છૂટી અને ૧૮ વર્ષની ઉંમરથી સ્મૉકિંગની પડેલી આદત પણ આજે વિના પ્રયાસે છૂટી ગઈ. જ્ઞાનસત્ર-૧૭ બાદ સેવક without break (એક પણ દિવસનો ગૅપ પાડ્યા વગર) જ્ઞાન-ધ્યાન ચિંતન ભરી રહ્યો છે. પ્રાતઃ પૂજા પણ ખૂબ રસપૂર્વક થાય છે. ક્યારે પૂજા કરવા બેસું ને મહારાજને મળું એવો હરખ થાય છે.

સવારના ૫:૪૫થી ૮:૪૫નો સમય હું સંપૂર્ણ પ્રભુમય વિતાવું છું. બહારનું જમવાનું આપમેળે બંધ થઈ ગયું છે, ઑફિસમાંથી ગોઠવેલ પાર્ટીઓ કે કૉન્ફરન્સ મિટિંગમાં નછૂટકે હાજરી આપવાની થાય તોપણ અંતરથી સતત રટણ ટૂલ્સનું રટણ ‘હું જગતનો જીવ નથી...’ ચાલુ રહે છે. જેથી ત્યાંનાં ભોગવિલાસ કે વ્યસન મને અડી શકતાં નથી.

ઘરનું ઝઘડા-કંકાસનું વાતાવરણ આજે આનંદમાં બદલાવા લાગ્યું છે. ટી.વી., અંગ્રેજી સંગીતનો શોખીન કીડો હતો ને આજે એ બધાનો અંતરથી મને સંપૂર્ણ અનાદર વર્તે છે. આજ સુધી આવો વેડફેલો સમય હવે પરિવારને આપું છું. મારા જીવનમાં બદલાવની અસર ઘરમાં પણ આવી રહી છે.

મારા જીવનની બદલાતી કરવટ જોઈ મારાં માતુશ્રી રાજી થઈ રહ્યાં છે; તો ગુરુજી અને મહારાજ કેવા રાજી થતા હશે ! આજે મારા જીવનની પરિવર્તનગાથાનો સંપૂર્ણ શ્રેય ગુરુજીના ચરણે સમર્પિત કરું છું. વિના દાખડે, વિના ટકોરે માત્ર માતૃવાત્સલ્ય સ્નેહ અને દિવ્ય સ્પર્શથી પરિવર્તન આણનાર આ દિવ્યપુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કેવા ભવ્ય અને દિવ્ય છે !! રખે આવા દિવ્યપુરુષને સેવવાના રહી જાય...”



# અહો, આપનું માતૃવાત્સલ્ય

(ગુરુદેવ બિરાજતા ત્યારે.)

"આ જો, બ્રહ્માનંદ સ્વામી આવ્યા."

ગુરુદેવ પ.પૂ. બાપજી એક સંત સાથે હળવી રમૂજ કરતાં બોલ્યા. ઉપસ્થિત સર્વે સંતગણમાં હાસ્યરસનું મોજું ફરી વળ્યું. ગુરુદેવના મુખ પર પણ સ્મિત રેલાયું.

•••

(ગુરુજીના સાંનિધ્યની એક પળ...)

"સ્વામી, આપનું શરીર ઘણું સુકાઈ ગયું છે નહીં ?" ગુરુજી બોલ્યા. ગુરુજીની સાથે સેવા બજાવી રહેલા સંતોને અંદરોઅંદર હસવું તો ખૂબ આવ્યું પણ ગુરુજીની ઉપસ્થિતિમાં મુખમાં મલક્યા.

•••

સ્વામિનારાયણ ધામ પર સેવા બજાવતા સંત વૃંદમાં એક સંતને અવરભાવમાં સ્થૂળ શરીરની પ્રસાદી મળી હતી. આ માટે ડૉક્ટરોની દેખરેખ હેઠળ સારવાર ચાલી રહી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી તરફથી મળતી માતૃવાત્સલ્ય કરુણા દ્વારા આ સંત પોતે મહાત્મ્યની દુનિયામાં ગરકાવ થઈ સુખિયા થતા.

આહાહાહા..! કેવી કરુણા ! કેવી કૃપા !!

આ અગાઉ ઘણી વખત વજન ઉતારવા માટે સારવાર લઈ પ્રયત્નો થયા જ હતા. પરંતુ આ વખતે વ્હાલા ગુરુજીએ તે સંતના સ્વાસ્થ્યની સુખાકારી માટે અતિશય આગ્રહ જણાવ્યો. ગુરુજીએ પોતાની સાથે સેવામાં રહેલા સેવક સંતને આજ્ઞા કરી, "સ્વામી, આપ આ સેવક માટે રોટલા બનાવો છો તો એકાદ-બે રોટલા આ સ્વામી માટે વધુ બનાવજો." વ્હાલા ગુરુજી સંસ્થાના ગુરુપદે બિરાજતા હોવા છતાં એક નાનામાં નાના સંતની જનની સમ ચિંતા રાખે છે તેનું અહીં તાદૃશ દર્શન થાય છે. વાહ દયાળુ ! વાહ ! કેવી કૃપા..!

'અનંતના નિશાને આજે મને નિશાન બનાવ્યો !' પોતા માટે વ્હાલા ગુરુજીનો અતિશય આગ્રહ તથા નિર્દોષ પ્રેમ જોઈ

સંત પણ મનોમન હરખાઈ ઊઠ્યા. નિત્યક્રમ મુજબ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને થાળ થાય. એ થાળની પ્રસાદી વ્હાલા ગુરુજીને પીરસવાનો લાભ પૂ. સંતોને વારાફરતી મળતો હોય છે. એક દિવસ એક સેવક સંતે ગુરુજીને રોટલો થોડો વધુ પીરસ્યો. ત્યારે ગુરુજી બોલ્યા, ‘‘બસ, બસ, બસ... સ્વામી રાખો, નહિ તો પેલા સંત શું જમાડશે ?’’ સેવક સંત બોલ્યા, ‘‘ગુરુજી, એમના માટે અલગથી મૂકી રાખ્યો છે. આપ નિરાંતે ઠાકોરજી જમાડો.’’ જમાડતાં જમાડતાં પણ સતત ચિંતા કરે એવા વાત્સલ્યમૂર્તિ કોઈ હોય તો તે છે ગુરુજી. આપણા ગુરુજી, મારા ગુરુજી. ‘‘તમે એમને ભૂલ્યા વગર જમાડજો હોં નહિ તો તેમને બહુ તકલીફ પડશે.’’ ગુરુજીએ સેવક સંતને આમ જણાવી ચિંતા વ્યક્ત કરી.

ગુરુપણું તો લગીરેય જોવા ન મળે. કેટલું નિર્માનીપણું ! નર્યો દાસભાવ, નીતરતો દાસભાવ. હમણાં જો પોતે આજ્ઞા કરે તો તે સંતની સેવામાં દસ સેવકો હાજર થઈ શકે તેમ હતું. છતાં પોતે ચિંતા રાખે. જોગમાં આવેલા નાનામાં નાના સંત કે હરિભક્તનું ધ્યાન વ્હાલા ગુરુજી રાખે છે.

વર્ષ ૨૦૨૪ના જૂન માસમાં પૂ. સંતોની શિબિર ચાલુ થઈ ગઈ હતી. જેમાં પૂ. સંતો અલગ અલગ ગ્રૂપમાં લાભ લઈ શકે તે રીતે આયોજન ગોઠવાયું હતું. વ્હાલા ગુરુજી પણ આ શિબિરમાં લાભ આપવા તથા એકાંત માટે પધાર્યા હતા. એક દિવસ ઠાકોરજી જમાડવાના સમયે ગુરુજીએ સાથે રહેલા સંતને પૂછ્યું, ‘‘સ્વામી, તમે અહીં છો તો ત્યાં પેલા સંતને રોટલા કોણ બનાવી આપતું હશે ? ત્યાં કંઈ વ્યવસ્થા કરી છે ? જો તેમને ચરી પાળવામાં તકલીફ પડશે તો સ્વાસ્થ્યમાં સુધારો નહિ થાય.’’ સેવક સંતે જણાવ્યું, ‘‘હા ગુરુજી, ત્યાં સંતો સાથે વાતચીત થઈ ગઈ છે. તેઓ સ્વામી માટે રોટલા બનાવવાની વ્યવસ્થા કરી દેશે.’’ આમ, દસથી પંદર વખત વારે વારે પૂછીને ચિંતા વ્યક્ત કરી છોરુંની સંભાળ રાખતા હોય છે.

આ પ્રસંગને એકાગ્ર ચિત્તે આપણા માનસપટ પર મૂકી જરા વિચાર કરીએ કે આપણને કેવા દિવ્ય સત્પુરુષ મળ્યા છે ? જેમ મા પોતાના દીકરાનું વારે વારે ધ્યાન રાખે એ જ રીતે એ દિવ્યપુરુષ આપણું ધ્યાન રાખે છે. આધ્યાત્મિક માર્ગ હોય કે વ્યવહારિક માર્ગ જ્યારે જ્યારે આપણા પર કોઈ તકલીફ આવી હોય તો એ પુરુષ હંમેશાં આપણી વહારે આવ્યા છે. હવે એક સાચા શિષ્ય તરીકે આપણી ફરજ બને છે કે આ દિવ્યપુરુષનું આપણે જતન કરીએ. આપણા વર્તને કરી એમને ભીડો પડે, એ દુઃખી થાય કે ઓશિયાળા થાય એવું ન કરીને સાચું શિષ્યત્વ અર્પણ કરીએ.

## સ્ટાફ શિબિર





તા. ૨૬-૭-૨૦૨૪ના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે સ્ટાફ મુક્તો માટે સવારે ૯થી બપોરે ૨ વાગ્યા દરમ્યાન સ્ટાફ શિબિર તથા ગુરુવંદનાના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરની શરૂઆત કીર્તનભક્તિ દ્વારા કરવામાં આવી હતી. પ્રાસંગિક પ્રવચનમાં પૂ. પૂર્ણસ્વામીએ ‘ઘરધણીપણાનું મહત્ત્વ’ વિષય પર લાભ આપ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત હરિભક્તોએ મોટાપુરુષે આપણી પળે પળે કેવી સંભાળ લીધી છે અને સદાય આપણી સાથે રહ્યા છે તેવા પ્રસંગોનું વર્ણન કરી મહિમાગાન દ્વારા સૌને મહાત્મ્યસભર કર્યા હતા. આદિવાસી નૃત્ય કરી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજીના આગમનને વધાવવામાં આવ્યું ત્યારે સભામંડપ તાળીઓના નાદથી ગુંજી ઊઠ્યો હતો. વ્હાલા ગુરુજીએ પોતાના અતિ વ્હાલા સ્ટાફ મુક્તોને ‘કારણ સત્સંગ વિશ્વવ્યાપી **SMVS** દ્વારા’ કીર્તન નિરૂપણ ઉપર વિશેષ લાભ આપી અસ્મિતાસભર કર્યા હતા. આમ, વ્હાલા ગુરુજીએ ૫૪૫થી પણ વધુ મુક્તોને સ્વહસ્તે પ્રસાદી તેમજ દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.




# SMVSના શૂરવીર યોદ્ધા

માભોમ માટે સરહદ પર લડતા શૂરવીર યોદ્ધા હરપળ હોમાઈ જવા તૈયાર હોય છે. સમયના વહેણની સાથે કદાચ શૂરવીર યોદ્ધા દેહે કરીને વિદાય લે તોપણ તેમની દેશભક્તિ અને શૂરવીરતા દેશના ઈતિહાસમાં અજર-અમર બની જાય છે. તેમ મૂ.નિ. પરષોત્તમભાઈ રામાણીને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ '**SMVS**ના શૂરવીર યોદ્ધા'થી નવાજ્યા છે. તેઓ તેમના સેવા-સમર્પણ અને ગુરુભક્તિથી **SMVS**ના ઈતિહાસમાં અજર-અમર સ્થાન પામ્યા છે.

**SMVS** સંસ્થા રામાણીભાઈ અને તેઓના યોગદાનને ક્યારેય ભૂલી નહિ શકે. પ્રથમથી જ તેઓનું જીવન નિર્મળ, સત્યનિષ્ઠ, પવિત્ર, શૂરવીર, નિયમ-નિશ્ચય અને પક્ષની દૃઢતાવાળું હતું. રામાણીભાઈના જીવનનાં કેટલાંક મહત્ત્વનાં વ્યક્તિત્વનાં પાસાં **SMVS**ના સમગ્ર શિષ્ય સમાજને પ્રેરણાદાયી છે.







**SMVSના પાયામાં યોગદાન :**

ઈ.સ. ૧૯૭૪માં ઘનશ્યામનગર મંદિરના પ્રારંભથી લઈ ઈ.સ. ૨૦૨૪ સુધી (પૂરાં પચાસ વર્ષ) તેઆએ **SMVS** સંસ્થાના ટ્રસ્ટી તરીકેનું સ્થાન અકબંધ રાખી ટ્રસ્ટી પદ સેવાની સુવર્ણ જયંતી ઊજવી છે. ઈ.સ. ૧૯૭૦માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઘનશ્યામનગર મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો ત્યારે સૌપ્રથમ રામાણીભાઈએ જ પોતાની શ્રીજી એન્ડ કું.માંથી ૫૦%થી વધુ રકમના સૌજન્ય બની જમીનનો દસ્તાવેજ કરવાની સેવાનો લાભ લીધો હતો.

સંસ્થાના પ્રારંભથી જ ગુરુદેવ પ.પૂ. બાપજીનો ડાબો હાથ બની અડીખમ ઊભા રહ્યા. ગુરુદેવ કહેતા, “સમગ્ર **SMVS**ના સમાજમાં મને કોઈ સૂચન કરી શકે, પ્રાર્થના કરી શકે તો હરિભક્તમાં રામાણી અને સંતોમાં સ્વામીશ્રી (ગુરુજી). માટે આ સ્વામીશ્રી અમારો જમણો હાથ અને રામાણી અમારો ડાબો હાથ છે.” ઈ.સ. ૧૯૭૪માં ઘનશ્યામનગર મંદિર નિર્માણ પામ્યું ત્યારથી ચાલીસ વર્ષ સુધી નિત્ય રામાણીભાઈના ઘરેથી જ ઠાકોરજીના થાળની સેવા થઈ છે. તેઓ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દીક્ષા વિધિ તેમજ સંસ્થામાં ઉજવાનાર નાના-મોટા તમામ ઉત્સવ-મહોત્સવના સાક્ષી બન્યા છે. એટલું જ નહિ, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીના USAના પ્રથમ સત્સંગ વિચરણના પણ તેઓ સાક્ષી રહ્યા છે.

તેઓ પોતે તન-મન-ધનથી સંસ્થાને સમર્પિત રહી જીવન જીવ્યા છે. એટલું જ નહિ, પોતાના પરિવારના સભ્યોને પણ મહારાજ અને ગુરુદેવ-ગુરુજીના મહિમાથી ભરી શ્રીજી અર્થે જીવન જીવવાની પ્રેરણા આપી છે. સંસ્થામાં આજે એમના પરિવારમાંથી એક દીકરાએ સંત દીક્ષા ગ્રહણ કરી છે અને છ દીકરીઓએ ભક્તિનિવાસમાં ત્યાગી દીક્ષા ગ્રહણ કરી છે. આ સિવાય ૪થી વધુ સભ્યો આજીવન સેવામાં સમર્પિત થઈ મહારાજ અને મોટાના અંતરનો રાજીપો લઈ રહ્યા છે. ઉપરાંત, સમગ્ર પરિવારને રામાણીભાઈએ સંસ્થા માટે સમય, શક્તિ, બુદ્ધિ, આવડતનો ઉપયોગ કરવાની ઉત્તમ શીખ આપી છે. વળી, તેઓએ પોતાના પરિવારના મોભી બની પરિવારને એક તાંતણે જોડી રાખી ગુરુજીના ‘હેપી ફૅમિલિ’ પ્રૉજેક્ટના ઉત્તમ ઉદાહરણરૂપ પરિવારનું સર્જન કર્યું છે.

**SMVSના શૂરવીર યોદ્ધા :**

શ્રી રામાણીભાઈનું પ્રથમથી જ શૂરવીરતાનું અંગ હતું. સંસ્થા માટે, ગુરુદેવ માટે કોઈ હીણું બોલી જાય તો ક્યારેય તેઓ પાજીપલાવની છાયામાં દબાયા નથી; બલ્કે શૂરવીર થઈ સંસ્થા અને ગુરુને વફાદાર રહી સમયે પક્ષ રાખ્યો છે. સંસ્થામાં અનેક વિકટ સંજોગ-પરિસ્થિતિ, કષ્ટો, માન-અપમાનના ઝંઝાવાતોની વચ્ચે પોતે સંસ્થાની પડખે અડીખમ ઊભા રહ્યા છે.

વિઘ્નસંતોષીઓએ ઘનશ્યામનગર મંદિર ખાલી કરવાની




ધમકી આપેલી ત્યારે એક બાજુ શ્રી રામાણીભાઈ અને બીજી બાજુ કમળાપુરના હરિભક્તોએ ગુરુદેવ પ.પૂ. બાપજીને નિશ્ચિંત કરી દીધેલા કે, "દયાળુ, અમે બંગડીઓ નથી પહેરી. આપને આ મંદિર ખાલી કરાવનાર જન્મ્યો છે કોણ ?" પરભાવી સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી તો અલમસ્ત હતા. તેઓને તો કોઈ ચિંતા કે ભય ન હતાં પરંતુ ખરા સમયે શ્રી રામાણીભાઈએ પોતાનું ઉત્તમ શિષ્યત્વ અદા કરી ગુરુદેવ પ.પૂ. બાપજીના અંતરના રાજીપાની મૂડી ભેગી કરી હતી.


સંસ્થામાં કંઈ પણ પ્રસંગ બને કે કંઈ નાજુક સમય આવે તેવા સમયે સંસ્થાના પડખે હિમાલય સમ અડીખમ ઊભા રહી તરત જ રામાણીભાઈ ગુરુજી અને વરિષ્ઠ પૂ. સંતોને કહેતા, "આપ બિલકુલ ચિંતા ન કરતા, અમે બેઠા છીએ. સંસ્થાને ઊની આંચ નહિ આવવા દઈએ." તેઓના આવા શૂરવીર અંગથી સંસ્થાના વિકાસમાં તેમનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. તેથી લંડન ખાતે અંતિમ દર્શન વખતે ગુરુજીએ સમગ્ર **SMVS**ના સમાજને આજ્ઞા કરેલી કે, "રામાણીભાઈ **SMVS**ના શૂરવીર યોદ્ધા હતા માટે ભારત ખાતેથી તેમની અંતિમયાત્રા એક શૂરવીર યોદ્ધાની જેમ ખૂબ સન્માનપૂર્વક કાઢજો. સૌ તેઓનાં દર્શન માટે પધારજો. શૂરવીર યોદ્ધાને કફન ન હોય, દેશનો રાષ્ટ્રધ્વજ સજાવવામાં આવે તેમ શ્રી રામાણીભાઈના પાર્થિવ દેહને પણ કફન નહિ, સંપ્રદાયનો વિજયધ્વજ સજાવવામાં આવે."


**ગુરુદેવ પ.પૂ. બાપજીનો રાજીપો :**

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંસ્થાનું પ્રથમ ટ્રસ્ટ બનાવ્યું ત્યારથી વ્હાલા ગુરુજીને કાયમી પ્રમુખ તરીકે નીમ્યા તેમ શ્રી રામાણીભાઈને સંસ્થાના પ્રથમ ટ્રસ્ટી તરીકે નીમી દીધેલા. ગુરુદેવ પ.પૂ. બાપજી ગુરુજીને કાયમ કહેતા, "સ્વામી, આ રામાણીનો શ્વાસ ચાલે ત્યાં સુધી એમને સંસ્થાના ટ્રસ્ટીની સેવામાં ચાલુ રાખવાના છે." આવો તેઓ ગુરુદેવનો અંતરથી ભરોસો કમાયેલા. તેમનું જીવન એટલે નગદ રાણીછાપ રૂપિયા સમ પવિત્ર અને તટસ્થ. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી સાથે તેઓને આગવી પ્રીતિ હતી. તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીના અંગત સલાહકાર બની રહ્યા છતાં કદી કોઈ ઠરાવ નહીં. શ્રી રામાણીભાઈના આવા તટસ્થ, વફાદાર, નિર્ભય, શૂરવીર અને વ્યવહારકુશળ અંગથી ગુરુદેવ પ.પૂ. બાપજી તેઓ પર ખૂબ પ્રસન્ન રહેતા.

**ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો :**

ગુરુજી શ્રી રામાણીભાઈને દાસત્વભાવે કાયમ પોતાના 'વડીલ ગુરુબંધુ' તરીકે નવાજતા. ગુરુજીએ લંડન ખાતે તેઓના અંતિમ દર્શન વખતે રાજીપાનાં વચનો કહેલાં, "શ્રી રામાણીભાઈએ સંસ્થાની ૫૦ વર્ષ સુધી અનબ્રેકેબલ સેવા આપી છે. ૫૦ વર્ષોમાં સંસ્થામાં ઘણા ઝંઝાવાતો આવ્યા છે તેમાં કોઈ પડખે ઊભા રહ્યા હોય તો આ રામાણીભાઈ. તેઓનાં દરેક સ્ટેટમેન્ટ, સૂચનો ખૂબ ઠાવકાઈભર્યાં અને સચોટ હોય.



વ્યવહારિક જીવનની કુશળ નીતિઓ – કયા સમયે, કઈ વાપરવી તેનું પ્રૅક્ટિકલ જ્ઞાન તેઓ જોડેથી અમ સંતોને ખૂબ શીખવા મળ્યું છે. સંસ્થાના વિકાસમાં તેઓનો બહુ મોટો ફાળો છે. તેઓ ગુરુદેવ બાપજીની સાથે મૂર્તિમાં જ બિરાજ્યા છે; એમાં કોઈ શંકાને સ્થાન નથી. હે મહારાજ ! તેઓને ખૂબ મૂર્તિનું સુખ આપજો. જેમણે ગુરુદેવ બાપજીને નિકટથી સેવ્યા છે, જેમણે ગુરુદેવ બાપજીને ખભા આપ્યા છે તેમને અંતિમ વખતે અમે કાંધ આપીશું.''

આવું વચન ગુરુજીએ રામાણીભાઈને પણ વ્યક્તિગત આપેલું. જ્યારે તેઓ તા. ૨૨-૬-૨૦૨૪ના રોજ વાસણા પૂનમે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન કરવા ગયા ત્યારે ગુરુજીએ અંતર્યામીપણે કહી દીધેલું, ''આપ લંડન જવાના છો ને, ભલે જાવ, અમે એક મહિના પછી આપને લંડન લેવા આવીએ છીએ.''

ગુરુજીએ આપેલા વચન મુજબ તા. ૧-૮-૨૦૨૪ના રોજ રામાણીભાઈને શ્રીહરિ, બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીએ મૂર્તિના સુખમાં મૂકી દીધા. એ જ દિવસે ગુરુજી ભારતથી લંડન વિચરણ અર્થે પધાર્યા. લંડનના રાજકીય નીતિ-નિયમો મુજબ કોઈ ધામમાં જાય અને તેમનું ધામમાં જવાનું કારણ ન મળે ત્યાં સુધી તેમનો પાર્થિવ દેહ પરિવારના સભ્યોને ન મળે. આ નિયમ મુજબ રામાણીભાઈનો પાર્થિવ દેહ ગુરુજીના ૮ દિવસના લંડન વિચરણ દરમ્યાન મળવો અશક્ય હતો. જો ન મળે તો તેઓને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ આપેલું વચન સાર્થક ન થાય પરંતુ જેમ ગુરુદેવ પ.પૂ. બાપજી વચનબદ્ધ પુરુષ છે તેમ ગુરુજી વચનબદ્ધ પુરુષ છે.

'સૂર્ય ફરે, ચંદ્ર ફરે પણ મોટાનાં વચન ન ફરે.' એ ન્યાયે આટલી અશક્ય લાગતી પરિસ્થિતિ તથા લંડનના નીતિ-નિયમોની જડતામાં પણ ગુરુજીની વચનબદ્ધતા પૂર્ણ કરવા મહારાજ ભેળા ભળ્યા અને ગુરુજી લંડનથી કૅનેડા ખાતે વિચરણમાં પધારવાના એક દિવસ પૂર્વે તા. ૮-૮-૨૦૨૪ના રોજ રામાણીભાઈના પાર્થિવ દેહને લંડન મંદિર ખાતે લાવવામાં આવ્યો. ગુરુજી, પૂ. સંતો તથા તેઓના પરિવારના સભ્યોએ રામાણીભાઈનાં દંડવત-દર્શન કર્યાં. દુનિયાની દૃષ્ટિએ એવું થાય કે તેઓ અચાનક ધામમાં ગયા પણ આ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું પ્રિ-પ્લાનિંગ જ હતું. ગુરુજીનું અહીં ભારત ખાતે ઘરધણીમુક્તોની શિબિરમાં જે વિશિષ્ટ હારથી પૂજન થયું હતું તે હારને ગુરુજીએ પૂ. સંતોને કહી લંડન સાથે લેવડાવ્યો. લંડન તે મૂકી રખાવ્યો. સંતો-હરિભક્તોને આ હારનું રહસ્ય ખબર નહીં. પરંતુ અંતિમ દર્શન વખતે ગુરુજીએ હાર મંગાવ્યો અને શ્રી રામાણીભાઈને પહેરાવ્યો હતો. પૂરા ૧૦ દિવસ પછી પણ હાર સંપૂર્ણ તાજો હતો. અંતે ગુરુજીએ તેઓના પરિવારના સભ્યો તથા બંને દીકરાઓ આ સત્સંગનો તથા મહારાજ અને મોટાના અંતરનો રાજીપાનો વારસો સાચવે તેવાં ભલામણયુક્ત ખૂબ આશીર્વચનો પાઠવ્યાં.










# દિવ્ય સાંનિધ્ય શિબિર

“અવસર રૂડો આવી ગયો છે, આનંદનો નહિ પાર, દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા, વ્હાલા દીકરા કરનાર,
દર્શન-સ્પર્શ ને પ્રસાદીએ કરી, દૂરી દૂર કરનાર, બાથમાં ભીડી, લાડ લડાવી, નિકટ લઈ લેનાર.”

“વ્હાલા દીકરાઓ આવો... આવો...” કહીને બોલાવતા; ગુરુજી કિશોરો, યુવાનો અને વડીલો સમ દીકરાઓને લાડ લડાવતા; વિધ વિધ પ્રસાદી આપતા; અતિ સ્નેહે ભેટતા; મૂર્તિ રંગે રમાડતા; નિકટ અતિ નિકટ લેતા; દિવ્ય સાંનિધ્ય શિબિરમાં અઢળક ઢળતા. ગુરુજી એટલે સ્નેહનો ઘૂઘવતો દરિયો... માતૃત્વનો ઘેઘૂર વડલો... ખરેખર તો દર્શન-સમાગમની ત્વરા શિષ્ય સમાજને હોવી જોઈએ. પણ અહીં તો વ્હાલા ગુરુજી અનન્ય લાભ આપવા અતિ આતુર બન્યા. તેથી વર્ષ ૨૦૨૪ દરમ્યાન ગુરુજીએ સામે ચાલીને દેશમાં ઝોનવાઇઝ તથા વિદેશમાં દેશવાઇઝ ૨૩થી પણ વધુ દિવ્ય સાંનિધ્ય શિબિરો યોજી હતી.

આ દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા ગુરુજીનો સૌને નિકટ લઈ સુખિયા કરવાનો આગ્રહ નજરે જણાઈ આવતો. વ્હાલા ગુરુજીએ શિબિર પૂર્વે આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, “તમારા બધાની સાથે સેવકને બે દિવસ રહેવું છે. આપણે ગુરુદેવ બાપજીની, સંસ્થાના ઇતિહાસની ગાથા સાંભળીને આનંદ કરીશું. આ વખતે અમે નક્કી કર્યું છે કે તમને વ્હાલ આપવું છે, તમને ભેટવું છે, તમારાથી નિકટ આવવું છે. હસતાં હસતાં, રમતાં રમતાં અમે જે કરવા આવ્યા છીએ તે તમને બધાને કરાવવું છે. મહારાજ તમને ગમાડે, મહારાજ તમને જોઈને રાજી રાજી થઈ જાય એવા કરવા છે.” ગુરુજીના આગ્રહને પોતાનો આગ્રહ બનાવવા તમામ ઝોનમાંથી ૨૦૦-૩૦૦ના નાના ગ્રૂપોમાં હરિભક્તો લાભ લેવા ઊમટતા હતા. મારા ગુરુજીનો મારા માટે આવો આગ્રહ હોય તો મારે પણ રાજીપાના માર્ગે આગળ વધવું જ છે એવો દૃઢ નિશ્ચય કરી સૌ કૃતાર્થ બન્યા હતા.

દરેક શિબિરના પ્રારંભે વ્હાલા ગુરુજી રચિત ‘અવસર રૂડો આવી ગયો છે...’ પંક્તિનું ગાન કરાવવામાં આવતું. શિબિરાર્થી મુક્તો પણ પંક્તિગાન દ્વારા મહાત્મ્યસભર બનતા. શિબિર પૂર્વે પૂ. સંતો દ્વારા મારા જીવનમાં બહુ કસર છે એવો ઢીલો વિચાર મોટાપુરુષના નિકટના સાંનિધ્યને માણવા નહિ દે. મારામાં બરકતનો છાંટો નથી પણ મને મળ્યા છે એ બરકતનો મહાસાગર છે આવા હકારાત્મક વિચાર કરી ગુરુજી સાથે નિકટતા કેળવવાનું માર્ગદર્શન આપવામાં આવતું.




**દિવ્ય લીલાનાં અમૂલ્ય સંભારણાં :**


શિબિર દરમ્યાન રાત્રિ સેશનમાં વ્હાલા ગુરુજી દ્વારા તરબૂચ લીલા, ટમેટાં લીલા, મકાઈ લીલા, દૂધપૌંવા લીલા, દૂધપાક લીલા, મેંગોશેક લીલા, દૂધ કોલ્ડ ડ્રિન્ક્સ લીલા, ભેટણ લીલા, ચંદ્ર(ચાંદલા) લીલા, થાપા લીલા, હસ્તાક્ષર લીલા, સ્મૃતિ લીલા, ફૂલદોલોત્સવ, પિરસણ લીલા આદિક કરુણા લીલાઓનો લાભ સૌ શિબિરાર્થીને મળ્યો હતો.

હરિભક્તોના પ્રેમને વશ થઈ તરબૂચ લીલા દરમ્યાન વ્હાલા ગુરુજીએ ‘સૌની સાથે અમે પણ જમીશું’ એમ કહી દિવ્ય લીલાનાં સુખ આપ્યાં. ક્યારેક તો ઉપસ્થિત સર્વે શિબિરાર્થી મુક્તોએ આ લીલાઓનાં દર્શન કરી, બે બે દંડવત કરી નમન કર્યા હતા.

દૂધપાક લીલા કે દૂધપૌંવા લીલા દરમ્યાન પંગત પાડવામાં આવતી. વ્હાલા ગુરુજી એક એક હરિભક્ત પાસે આવી પીરસતા. જેમ શ્રીજીમહારાજ સુરાખાચરને અખંડ ધારે પીરસતા તેમ ગુરુજી પણ આ લીલા દરમ્યાન હૃષ્ટપુષ્ટ હરિભક્તો ઉપર દૂધપાક કે દૂધપૌંવાની અખંડ ધારા કરતા. આ વખતે હરિભક્ત દૂધપાકથી કે દૂધપૌંવાથી નહિ પણ સ્નેહથી સ્નાન કરતા. આ ક્ષણ એટલી સુખમય રહેતી જેની કોઈ સીમા ના રહેતી !! તો વળી, પૂ. સંતોને પણ વ્હાલા ગુરુજીએ એકધારે દૂધપાક પીરસી દિવ્ય સંભારણાં આપ્યાં હતાં.

ક્યારેક પિરસણ લીલાનો લાભ આપે તો ક્યારેક નાનકડું














ગ્રૂપ બનાવી માથે કપડું નાખી ગોઠડી કરતા હોય એવું સંભારણું આપતા. બધા શિબિરાર્થી મુક્તો જમતા હોય ત્યારે સર્વે મુક્તોને વ્હાલા ગુરુજી દંડવત કરી દાસત્વપણાનાં દર્શન કરાવતા. કુમકુમ ચાંદલા કરવા દરમ્યાન બાપાશ્રી અંગૂઠાથી ચાંદલો કરે તેવી સ્મૃતિ આપી સુખિયા કર્યા.

તો વળી, રંગોત્સવ વખતે ગુરુજી કાયમ કહેતા કે, "અમે તમને આ લોકના રંગથી નહિ પણ મૂર્તિરંગથી રંગીએ છીએ. આ મૂર્તિનો રંગ કાયમી રાખજો. આ રંગ કદાચ જતો રહેશે પણ ચૈતન્ય પર મૂર્તિરૂપી રંગ એવો લગાવજો કે ક્યારેય જાય નહીં. આ રંગને ક્યારેય ભૂલતાં નહીં." આમ, વ્હાલા ગુરુજીએ વિવિધ લીલાનાં ક્યારેય ન ભૂલી શકાય તેવાં અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં.

દિવ્ય સાંનિધ્ય શિબિરમાં કિશોરમુક્તો માટે વિશેષ ઍક્ટિવિટીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્હાલા ગુરુજી પોતે પરભાવી સ્વરૂપ હોવા છતાં આ ઍક્ટિવિટીમાં પધારી સૌને સુખિયા કરતા. વળી, પૂ. સંતો દ્વારા કિશોરમુક્તોને 'સમર્પણ' નામની ઍક્ટિવિટીનો લાભ મળ્યો હતો. અંતમાં સમય આવ્યે તન, મન, ધનથી હોમાઈ જવાના સંકલ્પ લઈ સૌ કિશોરો છૂટા પડતા. આમ, કિશોરમુક્તોએ ઍક્ટિવિટીનો ખૂબ આનંદ માણ્યો હતો.

**પૂ. સંતોનો લાભ :**

આ શિબિરમાં જીવનમાં સત્પુરુષની શી જરૂરિયાત છે ? સત્પુરુષનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ છે ? સત્સંગનો પ્રાણ અને આધાર કોણ છે ? મોટાપુરુષે આપણા ઉપર કેવી કરુણા વહાવી છે ? આદિક સત્સંગના પ્રાણલક્ષી પ્રશ્નોની છણાવટ કરતો વિષય 'સત્પુરુષનું મહાત્મ્ય' પર પૂ. સંતોએ સ્વજીવન તેમજ હરિભક્તોના જીવન આધારિત કથાવાર્તા કરી, શિબિરાર્થીઓને ગુરુજીના મહિમાથી ભરી દીધા હતા.

**વ્હાલા ગુરુજીની સુખમય સુધાવાણી :**

શિબિરનું મુખ્ય હાર્દ એટલે વ્હાલા ગુરુજીના મુખકમળમાંથી નીકળતો કથાવાર્તાનો અસ્ખલિત પ્રવાહ. વ્હાલા ગુરુજીની દિવ્યવાણીમાંથી જ્યારે આગ્રહ સાથેનો પ્રવાહ આવતો હોય તે સાંભળીને મુમુક્ષુમાત્રને જાણે સ્વયં શ્રીજીમહારાજ ગુરુજીના મુખકમળમાંથી સંકલ્પો જણાવી રહ્યા હોય તેવો અનુભવ થાય. આ સમગ્ર શિબિર દરમ્યાન વ્હાલા ગુરુજીએ તમામ શિબિરાર્થી મુક્તોને અમદાવાદના ૭મા વચનામૃત દ્વારા મહારાજનો 'સર્વોપરી મહિમા', 'એસ.એમ.વી.એસ.નું સિદ્ધાંત સૂત્ર', સંસ્થાની ઇતિહાસ



ગાથા', 'નિશ્ચય નવડા જેવો', 'સર્વોપરીપણાનાં લક્ષણો' જેવા અનેક વિષયો પર લાભ આપી દિવ્યજીવનના પાઠ ભણાવી કૃપાવંત કર્યા હતા. એમાંય વ્હાલા ગુરુજી એસ.એમ.વી.એસ. સંસ્થાનો ઇતિહાસ તથા ગુરુદેવે વેઠેલાં કષ્ટો પર લાભ આપવાનું શરૂ કરતા ત્યારે સૌ કોઈની આંખોના ખૂણામાંથી ભીનાશ ઊતરતી હોય તેવાં દર્શન થતાં. તેમાં ક્યારેક હસતાં હસતાં વળી ક્યારેક રડાવતા થકા તો વળી ક્યારેક ગંભીર વચનો કહીને પણ સૌને પોતાની નિકટ ખેંચી લેતા. વાહ ! કેવા મહારાજ મળ્યા ! કેવા ગુરુ મળ્યા ! ફાવી ગયા ભાઈ ! ફાવી ગયા !

**વ્હાલા ગુરુજીની સુખેરી ભલામણ :**

દિવ્ય સાંનિધ્ય શિબિરમાં ખાસ ગુરુજીએ કિશોર, યુવાન અને વડીલ ત્રણેય વર્ગને ધ્યાનમાં રાખી ઘણી ભલામણો કરી હતી :

- મોબાઈલના દૂષણથી દૂર રહેવું.

- જીવનમાં સત્સંગ વિશેષ રાખવો.

- જ્ઞાન-ધ્યાન ચિંતનમાં અવશ્ય હાજરી આપવી.

- નિયમિત રીતે ૩૦ મિનિટ ધ્યાન કરવું.

- બાપાશ્રીની વાતો તેમજ વચનામૃતનું પણ નિયમિત રીતે વાંચન કરવું.

- અઠવાડિક સભામાં પૂ. સંતોનો નિયમિત લાભ લેવો.

- માતાપિતાને રોજ સવારે પ્રણામ કરવા તેમજ એમના માટે સમય ફાળવવો.

- બાળકોના અભ્યાસ તેમજ સંસ્કાર માટે સમય ફાળવવો.

**ગુરુજીની કરુણા-આશીર્વાદ વર્ષા :**

આ શિબિર દરમ્યાન વ્હાલા ગુરુજીએ દિવ્યજીવનનું અનુભવલક્ષી દિશાદર્શન પાઠવ્યું હતું. કિશોરોએ આજના વિષમ દેશકાળમાં કેવી રીતે સત્સંગને પ્રધાન રાખવો ? તો વળી, યુવકોએ અને વડીલોએ સત્સંગમાં આધ્યાત્મિક ઉન્નતિ માટે કેવી સમજણ રાખવી ? એના વિષે સદૃષ્ટાંત મીઠી ગોઠડી કરી હતી. ગુરુજીના મુખે વહેતી આશીર્વર્ષા એ શિબિરનું સૌથી મોટું આકર્ષણ હતું. આ શિબિરોમાં ગુરુજી અઢળક ઢળ્યા હતા. એમના મુખેથી નીકળતા એ કરુણા આશીર્વાદમાં સૌ શિબિરાર્થીઓ ભીંજાયા હતા :

- "આ શિબિરમાં મળેલ લાભને સંભારી રાખજો. આ ભેટણ લીલાને યાદ કરજો. ક્યારેય વાસનાનો વિચાર નહિ આવે. મોટાપુરુષ જમાડતા હોય અને મહાત્મ્યભાવે દર્શન કર્યાં હોય એ લીલા સંભારી રાખજો. ક્યારેય ભૂંડા ઘાટ નહિ થાય. દોષો કનડગત નહિ કરે."





– "મોટાપુરુષનું હસતું મુખારવિંદ પણ તમને નિર્વાસનિક કરશે..."

– "મોટાપુરુષના હસ્તના લટકા યાદ રહેશે તો કામના પીડશે નહીં..."

– "આ સાંનિધ્યમાં થતી હળવી રમૂજને પણ સંભારશો તો એકદમ હળવાફૂલ થઈ જશો, નિરાંત થઈ જશે, શાંતિ થઈ જશે..."


– "અમે તમારાં માવતર છીએ. તમને ધ્યાન-ભજનમાં ક્યારેય કોઈ વિક્ષેપ થાય અને અમને સંભારશો તો અમે તમારી જોડે જ હોઈશું..."

– "અમારા આ પડછંદા એટલે શ્રીજીમહારાજના પડછંદા. એની સ્મૃતિમાત્રએ દોષમાત્રની નિવૃત્તિ થશે..."

**શિબિરના અહો આંતર અનુભવો :**

આ શિબિરમાં કેટલાક કિશોરો, યુવાનો ને વડીલોને વ્હાલા ગુરુજીએ સામેથી કૉલ કરી શિબિરનો લાભ લેવા આવવા જણાવ્યું હતું. માતૃવાત્સલ્યના મૂર્તિમંત સ્વરૂપ એટલે મારા ગુરુજી. જેમ મા-દીકરાને હેત હોય એવું વાત્સલ્ય આપી ગુરુજીએ સૌને પોતાના સાંનિધ્યમાં બોલાવી ખૂબ વ્હાલ વરસાવ્યું. મુંબઈના કિશોરમુક્ત યશ કિરીટભાઈ ઠુમ્મર પોતે વિદેશ ગયા હતા. પૂ. સંતોએ દિવ્ય સાંનિધ્ય શિબિરમાં વ્હાલા ગુરુજી દ્વારા મળનાર લાભ અંગે વાત કરતાં તેઓ ફ્લાઈટ પકડી સીધા ગુરુજીનો લાભ લેવા આવી ગયા. તેઓના હૈયે એક આનંદ હતો : 'ગુરુજીનું દિવ્ય સાંનિધ્ય મને હોય જ ક્યાંથી ? એ ક્યાં પરભાવના પુરુષ ને ક્યાં હું !!! કોઈ મેળ નથી છતાં મને યાદ કર્યો !!! કેવી કરુણા ગુરુજીની કે મને નિકટ રાખવા આવું વિશિષ્ટ આયોજન !!! આ તો ન બન્યાની વાત છે !!! ન મળી શકે એવી વણમળ્યાની વાત છે !!! પણ મારા ગુરુજીની આ કેવળ કરુણા છે !!!'

દાહોદના યુવકમુક્ત મિહિર પંચાલ. જેઓ બીમાર હોઈ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. પૂ. સંતોએ શિબિર અંગે વાત કરતાં તેઓ પણ હાથમાં નીડલ રાખી શિબિરનો લાભ લીધો હતો. નીડલ અંગે કોઈ પૂછતા ત્યારે કહેતા, "આપણે અનેક વાર દર્શન કર્યાં છે કે ગુરુજીનું સ્વાસ્થ્ય સારું ન હોય, બૉટલ ચઢાવેલ હોય તોપણ આપણને સુખિયા કરવા નીડલ હોવા છતાં કથાવાર્તાનું સુખ આપ્યું હોય તો આજે એમનો લાભ લેવા માટે હું નીડલ સાથે કેમ ન આવી શકું ?" વળી, જ્યારે ગુરુજી કથાવાર્તાનો ધોધ વહાવી રહ્યા હોય ત્યારે આ મુક્તરાજ ચાલુ બૉટલે ખુરશીમાં બેસી લાભ લઈ રહ્યા હતા. તેઓના સ્વાનુભવમાં એક સૂર હતો : 'ગુરુજી આ લોક ને પરલોકના ખરા વૈદ્ય છે. મારા જીવનમાં શેની જરૂર છે એ મારા કરતાં પણ એ સારી રીતે જાણે છે. એમની દૃષ્ટિ, એમની વાણી ને એમનો સ્પર્શ એ ખરું ઔષધ છે. જેનો લાભ એમણે મને આપ્યો. અહો








દયા... અહો કૃપા... શિબિરમાં મારું ઘર કે હૉસ્પિટલ કરતાં વધુ જતન ગુરુજીએ કર્યું !!! મારી જ નહિ પણ સૌની ચિંતા ગુરુજીએ રાખી છે... હું ન આવ્યો હોત તો ખરેખર ગુરુજી જોડે રહેવાનો અમૂલ્ય અવસર ચૂકી ગયો હોત... એમના સાંનિધ્યમાં મળતો અતુલ્ય લાભ એટલે ગૉળનાં ગાડાં... ના, ના, એ અનુભવ માટે બધા શબ્દ વામણા પુરવાર થાય...' આમ, આવા કેટલાય આંતર અનુભવોના અંશો આપણે માણીએ...

- અત્યાર સુધી ઘણી શિબિરોનો લાભ લીધો. પણ ગુરુજી સાથેનું નિકટપણું જે આ શિબિરમાં અનુભવાયું તેવું ક્યારેય નથી અનુભવાયું.

- મારે સત્સંગમાં ૨૮-૨૮ વર્ષ થયાં પરંતુ આ વખતે ગુરુજીનું આટલું નિકટનું દિવ્ય સાંનિધ્ય મેં પહેલી વાર અનુભવ્યું. આ વખતે ગુરુજીની સૌને પોતાની નિકટ લેવાની અધીરાઈ અનેરી અને અનોખી હતી.

- જ્યારે આ સેવક ગુરુજીને ભેટ્યા ત્યારે અંતરમાં એવા આનંદની અનુભૂતિ થઈ કે મારામાં કોઈ દોષ-સ્વભાવ, વાસના છે જ નહીં. હું અનાદિમુક્ત જ છું.

- શિબિર તો ઘણી ભરી. સ્વામિનારાયણ ધામ પર હોય, મહેમદાવાદ હોય કે બીજે ક્યાંય પણ હોય પણ આ શિબિર દ્વારા ગુરુજી આપણને બધાયને પોતાની નિકટ ખેંચી રહ્યા છે અને હું નિકટ થઈ ગયો છું એવો અહેસાસ થયો.

- આ શિબિરમાં જે લાભ મળ્યો છે તેની સ્મૃતિ અમને મહાપથારી સુધી રહેશે. આવો લાભ ક્યારેય જોયો નથી કે લીધો નથી.

- શ્રીજીમહારાજ વડતાલ પધારે ત્યારે સંતોની પંગત કરાવતા અને ક્યારેક સદ્‌ગુરુ સંતોનાં મસ્તક પર કમંડળ ઊંધું કરી પ્રસાદીથી સ્નાન કરાવતા. ગુરુજી મારી પાસે આવ્યા અને સેવકને પણ આ લીલાનો લાભ આપ્યો ત્યારે સેવકને પણ એ સમયની સ્મૃતિ તાજી થઈ આવી.

- ગુરુજી આદેશ કરે તો ૨૦૦૦-૩૦૦૦ની સંખ્યા પણ થઈ જાય પણ ગુરુજીએ ૨૦૦-૩૦૦ના ગ્રૂપમાં બોલાવી એક એક વ્યક્તિનું નામ પૂછી નિકટતા કેળવી માતૃવાત્સલ્ય સમું હેત આપ્યું. આ ઋણ ક્યારેય ન ભૂલી શકાય.

- આપણા ઘરે એક પ્રસંગ લઈએ તોપણ છ મહિના-બાર મહિનાથી તૈયારી કરીએ છીએ. જ્યારે અહીં તો વર્ષની ૨૨થી પણ વધુ શિબિરોનું આયોજન થયું ત્યારે ખ્યાલ આવે કે ગુરુજીને કેટલો હડદો લાગતો હશે. આ ગુરુજી નિઃસ્વાર્થભાવે આપણી પાછળ કેટલા દાખડા કરી રહ્યા છે !

**શિબિરાર્થીના અનુભવ દ્વારા વ્હાલા ગુરુજીના અવર્ણનીય દાખડા :**

આ શિબિરમાં દરરોજ રાત્રે વિવિધ પ્રોગ્રામોનું આયોજન






કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ક્યારેક તરબૂચ લીલા તો ક્યારેક દૂધપાક લીલા, ક્યારેક ફૂલદોલોત્સવ તો વળી ક્યારેક ભેટણ લીલાનો લાભ આપી વ્હાલા ગુરુજી શિબિરાર્થી મુક્તોને દિવ્યાનંદમાં ગરકાવ કરતા. એક વાર આ જ રીતે રાત્રિ પ્રોગ્રામ દરમ્યાન વ્હાલા ગુરુજી માટે સ્ટેજ ઉપર આસન મૂકીને વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ગુરુજીએ આ જોઈ મર્મમાં કહ્યું, “અમારે ઉપર આસને નથી બેસવું. એનાથી આ મુક્તો અને અમારી વચ્ચે દૂરી રહેશે.” આટલું જ કહીને ગુરુજી પ્લાસ્ટિકની ખુરશી લેવા આગળ વધ્યા અને બધા મુક્તોની વચ્ચે આવીને બેસી ગયા. આ દૃશ્ય જોઈ ‘સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ, તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર’ આ ઉક્તિનાં તાદૃશ્ય દર્શન થયાં. અવરભાવમાં જો કોઈ અન્ય વ્યક્તિ સંસ્થાના ગુરુપદે હોય તો આમ કરતાં ખચકાટ અનુભવે, પરંતુ અહીં તો વ્હાલા ગુરુજીનો ‘અમારે તમ સૌને અમારાથી નિકટ લેવા જ છે અને નિકટ લઈ તમને મહારાજ આપી દેવા છે, મૂર્તિમાં રાખી લેવા છે.’ એવો આગ્રહ સહેજે જણાઈ આવતો. આખાય સંપ્રદાય સામે નજર કરીએ ત્યારે ખ્યાલ આવે કે, ‘મારા ગુરુજીને હું મહારાજનો ગમતો પાત્ર બની જાઉં તે માટે કેટલો આગ્રહ છે ! કોણ છે આટલા દાખડા કરનારું ! એકમાત્ર મારા ગુરુજી. ફાવી ગયા ભાઈ ફાવી ગયા ! ન્યાલકરણ મળ્યા ને ન્યાલ કર્યા ! ધન્ય હો મારા ગુરુજીને !’

૧૯મી શિબિર શરૂ થવાની આગલી રાત્રે વ્હાલા ગુરુજીનું સ્વાસ્થ્ય નાદુરસ્ત જણાતું હતું. વ્હાલા ગુરુજીને એ રાત્રે બૉટલ ચડાવવામાં આવી હતી. આવી પરિસ્થિતિમાં પણ સેવામાં રહેલા સંતોને જણાવ્યું કે, “આવતી કાલે સેવક તમામ શિબિરાર્થી મુક્તોને પીરસવાની સેવાનો લાભ લેવા આવશે.” પૂ. સંતોએ જણાવ્યું, “ગુરુજી, બધો ઘરનો સમાજ છે. આપ ચિંતા ન કરો. આપને ઠીક નથી. સ્વાસ્થ્ય સારું થાય પછી પધારજો.” છતાં બીજા દિવસે વ્હાલા ગુરુજી અચાનક સર્વે મુક્તો વચ્ચે પધાર્યા ને સભા વચ્ચે પીરસવાની સેવાનો લાભ ન લઈ શકવા બદલ ક્ષમા માગી. ઉપસ્થિત શિબિરાર્થી મુક્તોએ પણ વ્હાલા ગુરુજીને ક્ષમા ન માગવા કહ્યું અને પ્રાર્થના કરી, “હે ગુરુજી ! અમે તો ઘરના જ છીએ. આપ ચિંતા ન કરશો. આપનું સ્વાસ્થ્ય સારું રહે એ અમારી પુંજી (મૂડી) છે.” ગુરુજીએ રાજીપો વરસાવતા થકા બધાની વચ્ચેથી વિદાય લીધી.

શિબિર દરમ્યાન વ્હાલા ગુરુજી સવારે ૮ વાગ્યાથી સળંગ સાડા ત્રણ-ચાર કલાક કથાવાર્તાનો લાભ આપતા. ત્યારબાદ ૧૨ વાગ્યે ઠાકોરજી જમાડી સાંજે ૫થી ૮ ફરી વાર લાભ


આપવા પધારતા. દિવસ દરમ્યાન ૫થી ૮ કલાક સુધી એ દિવ્યપુરુષના મુખમાંથી કથાવાર્તાનો પ્રવાહ નીકળ્યા જ કરતો. એક વાર વ્હાલા ગુરુજીને થોડું મોડું થઈ જતાં અલ્પાહાર લઈ શકાયો નહિ અને સીધો જ લાભ આપવાનું શરૂ કરી દીધું. આજે શિબિરનો દ્વિતીય દિન હોવાથી ૧ઃ૩૦ વાગ્યે ઠાકોરજી જમાડ્યા બાદ ફૂલદોલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બે-ત્રણ મુક્તોએ દૂરથી આવ્યા હોવાથી વહેલા નીકળવાનું હોઈ ગુરુજીનાં દર્શન કરી નીકળવા માટે રજા માગી. ગુરુજીએ ફૂલદોલોત્સવનો લાભ લઈ પછી જવું એવી આજ્ઞા કરી. પરંતુ તે મુક્તોને અગત્યનું કામ હોઈ જવું પડે તેમ હતું તો ગુરુજીએ બે-ત્રણ મુક્તો માટે ફૂલદોલોત્સવનો પ્રોગ્રામ ૧ઃ૩૦ના બદલે ૧૨ઃ૩૦ વાગ્યે લઈ લેવા જણાવ્યું. ૧૨ વાગ્યે કથા પૂરી થઈ. ત્યારબાદ ૧૨થી ૧૨ઃ૩૦ AYPના મુક્તોને જમાડવા મોકલ્યા અને પોતે એ દિવસે સ્વામિનારાયણ ધામના બાળકોનો સમર કૅમ્પ હતો તો બાળકોને લાભ આપવા બિરાજી ગયા. ત્યારબાદ ૧ વાગે ફૂલદોલોત્સવના પ્રોગ્રામ માટે પધાર્યા. એટલું જ નહિ, પ્રોગ્રામ શરૂ થતા પહેલાં ગુરુજીએ જે હાજર ન હતા તેઓનાં નામ લઈને બોલાવ્યા પછી જ પ્રોગ્રામ ચાલુ કર્યો. અને પ્રોગ્રામ પૂર્ણ થયા બાદ પોતે જમાડવા પધાર્યા. ૨૦૦-૩૦૦ની સંખ્યામાં ૨-૫ મુક્તો ન હોય તો ક્યાં કોઈને ખ્યાલ આવવાનો હતો ! પણ જોગમાં આવનારને નિકટનું સાંનિધ્ય આપી શ્રીજીમહારાજને ગમતું પાત્ર બનાવવાની નેમ લીધી હોય તેઓ જ આ કાર્ય કરી શકે. એક એકને મહારાજના રાજીપાનું પાત્ર બનાવવાની તત્પરતા મારા ગુરુજીમાં વિશેષ રીતે અનુભવાય છે. એ દિવસે સવારથી કશું જમાડ્યું ન હતું ને બપોરે ફૂલદોલોત્સવ બાદ છેક ૧ઃ૩૦ વાગ્યે ગુરુજી ઠાકોરજી જમાડવા પધાર્યા. અત્યાર સુધી આવો આગ્રહ આખાય સંપ્રદાયમાં આવ્યો નથી ને આવશે પણ નહીં. વાહ મારા ગુરુજી, વાહ !

ગુરુજીના જીવનમાં નિરંતર શ્રીજીમહારાજનું કર્તાપણું અનુભવાય. અરે, તેઓ એક શબ્દ પણ ન ચલાવી લે. એક વાર રાત્રિ સભા પૂર્ણ થતાં માઈક હૅન્ડલિંગ કરનાર મુક્તરાજ મહાત્મ્યસભર થકા બોલી ગયા, "આપણને સૌને સુખના સિંધુ, સુખના સાગર વ્હાલા વ્હાલા ગુરુજીએ દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા." ગુરુજીના કર્ણપટલ પર આ શબ્દો પડતાં જ તેઓને હળવી ટકોર કરી, "મહારાજ, આ શું બોલ્યા ? સુખના સાગર અને સુખના સિંધુ તો મહારાજ છે. આ પદવી સત્પુરુષ કે સંતો માટે ન વપરાય. આ તો આપણે મહારાજને ગૌણ કર્યા કહેવાય. આમ કરવાથી મહારાજ રાજી ન થાય." આમ કહી દસ ઊઠક-બેઠકની નાનકડી શિક્ષા આપી, ઉપસ્થિત મુક્તોને મોટો પાઠ શિખવાડી દીધો. પોતે અખંડ મૂર્તિમાં રહે છે ને સંકલ્પે શ્રીજી દેખાય રે. તેઓની સંપૂર્ણ ક્રિયાના કર્તા મહારાજ જ છે. તેઓ મૂર્તિમાં સંપૂર્ણ એકમેક રહ્યા થકા દાસ થઈને રહ્યા છે.

વડીલ કૅમ્પમાં વડીલોને પ્રસાદી આપવાની હતી. એક એક વડીલ મુક્ત ગુરુજી પાસે જાય ને ગુરુજી તેઓને પ્રસાદી આપે તેવું આયોજન ગોઠવાયું હતું. પરંતુ અહીં ગુરુજીએ જણાવ્યું કે, "સેવક તો આપ સૌ વડીલ મુક્તોનો દાસ છે. માટે વડીલોને અહીં ન બોલાવશો. વડીલ મુક્તોને તકલીફ ન અપાય." એમ કહી વ્હાલા ગુરુજી એક એક મુક્તોને પ્રસાદીનો લાભ આપવા તેમની પાસે પહોંચી ગયા. ગુરુજીને મન એક જ આગ્રહ જણાય કે સેવકને તકલીફ પડે તો ભલે પડે પણ વડીલોને તકલીફ ન પડવી જોઈએ. મારા ગુરુજી એટલે દાસત્વભાવના ચરમ શિખર પર રાચતું સ્વરૂપ.

આમ, વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. સંતોના માર્ગદર્શન હેઠળ તમામ શિબિરોનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષ ૨૦૨૪ દરમ્યાન વ્હાલા ગુરુજીએ દેશમાં ઝોનવાઈઝ ૧૫ તેમજ વિદેશમાં દેશવાઈઝ ૮ એમ કુલ ૨૩થી પણ વધુ દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા ૧૩,૨૫૯થી પણ વધુ હરિભક્તોને 'ન ભૂતો ન ભવિષ્યતિ' તેવાં અમૂલ્ય સંભારણાં આપી, દિવ્યજીવનના પાઠ શીખવી કૃતકૃત્ય કર્યા હતા.





## પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ. ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખકમળમાંથી નીકળેલા આ સંકલ્પને અધ્ધરથી ઝીલી પૂ. સંતો દેશ-વિદેશમાં સત્સંગ વિચરણ કરી અનંત મુમુક્ષુઓને સુખિયા કરતા હોય છે. વ્હાલા ગુરુજીની અનુજ્ઞાથી પૂ. સંતોનું તા. ૨-૭-૨૦૨૪થી તા. ૧૩-૮-૨૦૨૪ દરમ્યાન યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ યોજાયું. તા. ૨-૭-૨૦૨૪ના રોજ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. અદ્‌ભુતસ્વામી, પૂ. સુખસ્વામી તથા પ.ભ. મિતેશભાઈ પટેલ યુ.કે. ખાતે સત્સંગ વિચરણ અર્થે પધાર્યા હતા. તા. ૩-૭-૨૦૨૪ના રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના આગમનને લંડનના તમામ હરિભક્તોએ આનંદની ઊર્મિઓથી હરખભેર વધાવ્યું હતું. આ સત્સંગ વિચરણ દરમ્યાન હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતો હરિભક્તોના ઘરે પધરામણી અર્થે પધાર્યા હતા. હરિભક્તોએ પણ મહારાજને અન્નકૂટ બનાવી કાલાવાલા કરી રાજી કર્યા હતા. આ ઉપરાંત પ્રાતઃ સભા, મહિમા ગોષ્ઠિ, અંગત સભા, યુવક સભા, કિશોર સભા, બાળ સભા, કાર્યકર સભા, અંગત બેઠકો, શિબિરો તથા પ્રવાસ જેવાં વિવિધ આયોજનો દ્વારા સૌને મહારાજને રાજી કરી લેવાના માર્ગે આગળ વધવા માટે બળ પ્રાપ્ત થયું હતું.

આમ, યુ.કે. ખાતે ૪૩ દિવસના સત્સંગ વિચરણ દરમ્યાન ૧૪૧ પધરામણી, ૪૩ જેટલી સભા તથા શિબિરો આદિક પ્રોગ્રામો કરી ૪૦૧૩ જેટલા હરિભક્તોને બળિયા કરી પૂ. સંત મંડળે તા. ૧૩-૮-૨૦૨૪ના રોજ ઇન્ડિયા આવવા માટે પ્રસ્થાન કર્યું હતું.

## મૂર્તિસુખે સુખિયા

**મૂ.નિ. અંકિતભાઈ અરવિંદભાઈ પટેલ, ઉંમર વર્ષ–૪૦, નરોડા; તા. ૨૮–૬–૨૦૨૪ :** તેઓએ સંસ્થાને વફાદાર રહી ખૂબ મમત્વભાવે સેવા કરી છે તો શ્રીજીમહારાજ તેમને ખૂબ ખૂબ મૂર્તિનું સુખ આપે તેવી પ્રાર્થના.



સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે.

# દિવ્ય હિંડોળા ઉત્સવ







Ghanshyam, September-2024.Published on 10-09-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.






(૧–૪) બાયડ, છત્રાલ, કલ્યાણગઢ તથા મોરબી ખાતે અનુક્રમે વ્હાલા ગુરુજીનું સત્સંગ વિચરણ



: દિવ્યવાણી :

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

# જ્ઞાનસત્ર : ૧૮

૪ ૫ ૬ ૭ ૮

સોમવારથી શુક્રવાર નવેમ્બર - ૨૦૨૪

કારતક સુદ ત્રીજથી કારતક સુદ સાતમ

**સમય :** સવારે ૮થી ૧ ● સાંજે ૫થી ૮

**શુભ સ્થળ :** SMVS સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર, ૩૮૨૪૨૧